યોગ, સ્વાસ્થ્ય અને નૈતિક જીવન મૂલ્યોનું માસિક

# દિવ્ય જીવન

વાર્ષિક લવાજમ : રૂા. ૧૫૦/- ● વર્ષ - ૧૬ અંક - ૧ જાન્યુઆરી-૨૦૧૯

Postal Registration No. GAMC 1417/2018-2020 Valid up to 31-12-2020 RNI No. GUJGUJ/2003/15738

Published on 4th of every month and Posted on 5th of every month at PSO, Ahmedabad-2. Annual Subscription Rs.150/-



## પ્રાતઃકાળની પ્રાર્થના

હે વિશ્વ સ્વામી ! આપને નમસ્કાર ! આપ મારા ગુરુ છો. આપ જ મારાં માતા-પિતા અને સાચા માર્ગદર્શક છો. મારી રક્ષા કરજો. મને ગુણિયલ બનાવજો. મને દેશભક્ત બનાવજો, જેથી કરીને હું મારી માતૃભૂમિ ભારતવર્ષની સેવા કરી શકું. હું તમારો છું. સર્વ આપનું છે. તમારી ઈચ્છા પ્રમાણે જ બધું ચાલે છે.

**- સ્વામી શિવાનંદ**




શ્રમ મંદિર ટ્રસ્ટ- સિંધરોટ (વડોદરા)નો
૪૦મો સ્થાપના દિવસ (૨-૧૨-૨૦૧૮)



શ્રી પીયૂષભાઈ દેસાઈ (વાઘબકરી ચા)નો
૮૦મો પ્રાકટ્યોત્સવ (૪-૧૨-૨૦૧૮)



શિવાનંદ આશ્રમમાં મહારુદ્ર (૩-૧૨-૨૦૧૮)



શ્રી સ્વામી ચિદાનંદ સ્મૃતિ વ્યાખ્યાન
વક્તા : પૂજ્ય ગોસ્વામી શ્રી દ્વારકેશલાલજી મહારાજ (૮-૧૨-૨૦૧૮)




જે. જી. કૉલેજ ફોર પર્ફોર્મિંગ આર્ટસ્‌નો વિન્ટર કલા ઉત્સવ (૧૫-૧૨-૨૦૧૮)



નિરમા વિશ્વવિદ્યાલય ખાતે પૂજ્ય સ્વામીજીનું ઉદ્‌બોધન (૧૭-૧૨-૨૦૧૮)

શ્રી સ્વામી શિવાનંદજી મહારાજની પ્રેરણાથી પ્રકાશિત

# દિવ્ય જીવન

વર્ષ : ૧૬ | અંક : ૧ | જાન્યુઆરી-૨૦૧૯

**સંસ્થાપક અને આદ્યતંત્રી :**
બ્રહ્મલીન શ્રી સ્વામી યાજ્ઞવલ્ક્યાનંદજી
(ડૉ. શિવાનંદ અધ્વર્યુજી)
**સંપાદક મંડળ :**
અધ્યક્ષ : શ્રી સ્વામી અધ્યાત્માનંદજી (તંત્રી)
શ્રીમતી કૃષ્ણા મજમુદાર

○

તંત્રી : શ્રી સ્વામી અધ્યાત્માનંદજી
**લેખ મોકલવાનું સરનામું :**
શિવાનંદ આશ્રમ, જોધપુર ટેકરી,
અમદાવાદ - ૩૮૦ ૦૧૫.
ફોન : ૨૬૮૬૧૨૩૪, ૨૬૮૬૨૩૪૫

○

**મુખ્ય કાર્યાલય :**
'દિવ્ય જીવન' માસિક, તેનું લવાજમ :
સ્વામી શિવાનંદ સર્વજીવસેવાનિધિ
ઈતર પત્રવ્યવહાર અને મહામંત્રીનું કાર્યાલય :
શ્રી યજ્ઞેશભાઈ દેસાઈ
ગુજરાત દિવ્ય જીવન સંઘ
શિવાનંદ આશ્રમ,
જોધપુર ટેકરી, સેટેલાઈટ માર્ગ,
અમદાવાદ-૩૮૦૦૧૫
ફોન : ૨૬૮૬૧૨૩૪
ટેલિફેક્સ : ૨૬૮૬૨૩૪૫

○

E-mail :
sivananda_ashram@yahoo.com
Website : http://www.divyajivan.org

**લવાજમ**

ભારતમાં

| | | |
|---|---|---|
| વાર્ષિક લવાજમ | : | રૂ. ૧૫૦/- |
| શુભેચ્છક લવાજમ (૧૫ વર્ષ માટે) | : | રૂ. ૧૫૦૦/- |
| પેટ્રન લવાજમ | : | રૂ. ૩૦૦૦/- |
| છૂટક નકલ | : | રૂ. ૧૫/- |
| **વિદેશ માટે (એર મેઈલ)** | | |
| વાર્ષિક (એર મેઈલ) | : | રૂ. ૧૮૦૦/- |
| શુભેચ્છક લવાજમ | : | રૂ. ૧૫૦૦૦/- |

(૧૫ વર્ષ માટે) ચેક/ડ્રાફ્ટ (અમદાવાદ) દ્વારા


ॐ

शतायुषः पुत्रपौत्रान् वृणीष्व
बहून् पशून् हस्तिहिरण्यमश्वान् ।
भूमेर्महदायतनं वृणीष्व
स्वयं च जीव शरदो यावदिच्छसि ॥

कठोपनिषद : १-१-२३

નચિકેતા ! તું બહુ ભોળો છે. આ વરદાનને પ્રાપ્ત કરીને તું શું કરીશ ? એના કરતાં તું સુખની આ વિશાળ સંપત્તિ ગ્રહણ કર. સો-સો વર્ષનું આયુષ્ય હોય તેવા પુત્ર-પૌત્રાદિનો મોટો પરિવાર માગી લે. ગાય, હાથી, ઘોડા જેવા બહુ જ ઉપયોગી પશુ, સોનું અને વિશાળ ભૂમંડળના મહાન સામ્રાજ્યને માગી લે અને આ બધું ભોગવવા માટે જેટલાં વર્ષો જીવવાની ઈચ્છા હોય એટલાં વર્ષોનું આયુષ્ય માગી લે.

## શિવાનંદ વાણી

### દિવ્ય નામોપથી

ભગવાનના નામમાં ગૂઢ શક્તિ રહેલી છે. ભગવાનના નામમાં બધી દિવ્ય શક્તિઓ છુપાયેલી છે. તે ચ્યવનપ્રાશ, મકરધ્વજ, વસંતકુસુમાકર, સુવર્ણભસ્મનું સત્ત્વ છે. તે અદ્દ્ભુત દિવ્ય ઈન્જેકશન છે. જ્યારે એલોપથી, હોમિયોપથી, ક્રોમોપથી, નેચરોપથી, આયુર્વેદોપથી અને બધી જ પથીઓ રોગને મટાડવામાં નિષ્ફળ નીવડે છે ત્યારે દિવ્ય નામોપથી જ તમને બચાવી શકશે. ભગવાનનું નામ બધા રોગોનું સર્વોપરી ઔષધ, છેવટનો આધાર અને અચૂક રામબાણ ઈલાજ છે. જે બધા જ દરદીઓને આપી શકાય છે. દરદીની પાસે બેસો અને ભગવાનના નામનું ભક્તિ તથા શ્રદ્ધાપૂર્વક સ્મરણ કરો. નામજપની આ સારવાર ઓછામાં ઓછી એક કલાક સવાર-સાંજ આપશો તો ટૂંક સમયમાં આશ્ચર્યજનક અસર જોવા મળશે.

- સ્વામી શિવાનંદ

## અનુક્રમ


| | | | |
|---|---|---|---|
| ૧. | કઠોપનિષદ્ ......... ............................ | | ૩ |
| ૨. | અનુક્રમ, તહેવાર સૂચિ | .............................. | ૪ |
| ૩. | સંપાદકીય | તંત્રી........................ | ૫ |
| ૪. | મહાકાવ્ય તથા પુરાણોની સાધના | ગુરુદેવ શ્રી સ્વામી શિવાનંદજી | ૬ |
| ૫. | ચેતનાને કયા પ્રકાશથી જાણવી? | શ્રી સ્વામી ચિદાનંદજી........... | ૮ |
| ૬. | જીવનમૂલ્યો : | | |
| | સદાચાર અને ચારિત્ર્ય | શ્રી સ્વામી અધ્યાત્માનંદજી.... | ૧૦ |
| ૭. | ગુરુ કોણ? | શ્રી સ્વામી સચ્ચિદાનંદજી .. | ૧૩ |
| ૮. | શિષ્યત્વનાં વીસ વર્ષ | ડૉ. શ્રી શરદચંદ્ર બેહરા....... | ૧૫ |
| ૯. | તપશ્ચર્યા અને સામાન્ય બુદ્ધિ | શ્રી સ્વામી ચિદાનંદજી ..... | ૧૭ |
| ૧૦. | રાસપંચાધ્યાયી | ગોસ્વામી શ્રી દ્વારકેશલાલજી મહારાજ | ૨૦ |
| ૧૧. | એક અત્યંત જરૂરી મેસેજ | શ્રી કિન્નર આચાર્ય | ૨૪ |
| ૧૨. | ગુરુભક્તિ યોગ-૪ | શ્રીમતી રૂપા મજમુદાર........... | ૨૫ |
| ૧૩. | વૃક્ષો માટે મહત્ત્વપૂર્ણ જાણકારી | ................ | ૨૭ |
| ૧૪. | હૃષીકેશમાં શ્રીમદ્ ભાગવત કથા | .................. | ૨૮ |
| ૧૫. | વૃત્તાંત | .............................. | ૨૯ |
| ૧૬. | શ્રીશ્રી મા વૈષ્ણોદેવી–અમૃતસર યાત્રા ............................ | | ૩૨ |


## તહેવાર સૂચિ

ફેબ્રુઆરી-૨૦૧૯

| તા. | તિથિ | (પોષ વદ) |
|---|---|---|
| ૨ | ૧૩ | પ્રદોષ પૂજા |
| ૪ | ૩૦ | સોમવતી - મૌની - દર્શ અમાવાસ્યા |
| | | (મહા સુદ) |
| ૫ | ૧ | શ્રી વલ્લભજયંતી |
| ૮ | ૩ | શ્રી ગણેશજયંતી |
| ૧૦ | ૫ | વસંતપંચમી |
| ૧૩ | ૮ | શ્રી ખોડિયારમાતાજયંતી |
| ૧૪ | ૯ | વેલેન્ટાઈન-ડે |
| ૧૬ | ૧૧ | જયા એકાદશી |
| ૧૭ | ૧૨ | શ્રી વિશ્વકર્માજયંતી |
| ૧૮ | ૧૪ | વસંતઋતુ પ્રારંભ |
| ૧૯ | ૧૫ | માઘી પૂર્ણિમા, છત્રપતિ શિવાજીજયંતી |
| | | (મહા વદ) |
| ૨૫ | ૭ | શ્રીનાથજી પાટોત્સવ |
| ૨૭ | ૯ | સીતા-જાનકીજયંતી, સ્વામી રામદાસ નવમી |
| ૨૮ | ૧૦ | સ્વામી દયાનંદ સરસ્વતીજયંતી |

### "અનુરોધ-અભિલાષા" ગ્રાહકોને :

- આપનું પત્રવ્યવહારનું સરનામું પિનકોડ સાથે સંપૂર્ણ હોય તે ટપાલ ખાતાના નવા નિયમો મુજબ અનિવાર્ય છે. તેથી સરનામાની ચોકસાઈ માટે વિનંતી.
- આપનો ગ્રાહક નંબર નોંધી લેવા વિનંતી છે, જેથી અંકની પ્રાપ્તિ સંબંધી કોઈ પણ પત્રવ્યવહાર કરતી વેળા ગ્રાહક નંબરનો ઉલ્લેખ વહીવટી સરળતા સર્જી શકે છે.
- સામાન્યતઃ દર માસની પાંચમી તારીખે અંક પ્રસિદ્ધ થયા બાદ તેની રવાનગીનું કામ શરૂ થાય છે. છતાં કોઈ ખાસ કારણોસર પ્રકાશનની નિર્ધારિત તારીખના ૧૦ દિવસ વીત્યે પણ જો આપને અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા બાદ વહીવટી કાર્યાલયને જણાવવું. સિલકમાં હશે તો બીજો અંક મોકલાશે.
- 'દિવ્ય જીવન'ની સામગ્રી આપને ગમી હશે. તેથી હવે આપનાં પરિચિત વર્તુળોમાં પણ તેની રસલ્હાણ થાય અને ગ્રાહકવૃદ્ધિમાં આપનો નક્કર સહયોગ અમને મળતો રહે તેવી અભિલાષા છે.
- અમદાવાદ સિવાયના ગ્રાહકોએ પોતાનું લવાજમ ડ્રાફ્ટ અગર મનીઓર્ડરથી જ મોકલવું.

### દિવ્ય સ્ફુલિંગ

#### આજના દિવસને પૂર્ણ દિન બનાવો

તમારા પ્રત્યેક દિનને પૃથ્વી પરના તમારા અંતિમ દિનરૂપે જીવો. તમને આજે મળેલો દિવસ તમારા જીવનનો છેલ્લો દિવસ છે એવું તમે જાણો તો તમે એને કેટલો મૂલ્યવાન ગણશો ! જીવનની અત્યંત ઉત્કૃષ્ટ, સુંદર, ઉમદા, પૂર્ણ બાબતોથી જ તમે એને ભરી દેશો ને ! બસ, તો પ્રત્યેક દિનને આ જ ભાવનાપૂર્વક જીવો.

- સ્વામી ચિદાનંદ

# સંપાદકીય

**ઈશુનાં નૂતન વર્ષનાં અભિનંદન !**

આ ૨૦૧૯નું વર્ષ આપ સૌને ઈશ્વર અનુગ્રહ ગુરુકૃપા અને આત્મકૃપાનું વરદાન આપે એ જ પ્રાર્થના.

બે હજાર વર્ષ પૂર્વે ઈશુએ ગિરિ પ્રવચન કર્યું. આજે પણ લાખો ખ્રિસ્તી ભાઈ-બહેનો દરરોજ તેને વાંચે છે, વિચારે છે, વાગોળે છે.

પાંચ હજાર વર્ષ પૂર્વે શ્રીકૃષ્ણે ગીતોપદેશ કરીને અર્જુનને નિમિત્ત બનાવીને માનવજાતના કલ્યાણ, ઉત્કર્ષ અને અભ્યુદય માટે પાથેય આપ્યું.

આ પ્રભુના પયગંબર અને ઈશ્વરના અવતાર વચ્ચે સામ્ય શું હતું ? એક ઢોર બાંધવાની ગમાણમાં જન્મ્યા અને બીજા કારાગૃહમાં જન્મ્યા. બંનેનાં બાળપણ સંઘર્ષ વચ્ચે જ વીત્યાં, પરંતુ જે ખાસ વાત છે તે એ કે બંનેની નિષ્ઠા 'સત્ય'માં હતી. તેમના જીવનનો આધાર, જીવનનું સ્પંદન અને જીવનનો પ્રકાશ એટલે એકમાત્ર સત્ય હતું.

શૂળીએ-વધસ્તંભ પર ચઢ્યા સુધી ઈશુ ઈશ્વરીય સત્તા અને સત્યમાં જ નિષ્ઠા ધરાવીને રહ્યા.

કૃષ્ણની નિષ્ઠા તો એકમાત્ર સત્યમાં જ હતી. તેથી તેનો સંદેશ પણ તે જ છે. "સત્યમેવ જયતે નાઙનૃતમ્" સત્યનો જ જય થશે. અનૃત-અસત્યનો કદીયે નહીં. મહાભારતના યુદ્ધ સમયે પણ કૃષ્ણ પાંડવો સાથે રહેવાનું પસંદ કરે છે, કારણ તે પક્ષમાં જ સત્ય હતું.

આ બધી ભૂમિકાનો સાર એટલો જ કે આપણા જીવનની ગતિવિધિના રાજમાર્ગમાં કંઈ નિષ્ઠા જેવું ખરું ? બહુ કડવો પ્રશ્ન છે, પરંતુ નૂતન વર્ષે આ સંદર્ભે વિચારવું જ ઘટે ! કે હું મારી જાતને છેતરતો તો નથી ને ! દુર્ભાગ્યે આપણાં જીવન લોભ અને સ્વાર્થના તાણાવાણામાં એટલાં બધાં વિંટળાઈ ગયાં છે કે દંભ અને કપટના સ્વરૂપમાં નિમજ્જ હોવા છતાં બાહ્ય વિકારાવૃત વૃત્તિથી પૃથક્ થવાના જ્ઞાનની જ વિસ્મૃતિ થઈ ગઈ છે.

માટે જ ગીતા કહે છે : "ઊભો થા ! યુદ્ધ માટે નિશ્ચય કર." જીવનયુદ્ધને છેડે જીત મેળવવાની જ છે. થોડું વિચારીએ કે આપણા જીવનના પાયામાં પવિત્રતા, પ્રાર્થના અને પરમાત્મા પ્રત્યે પ્રીતિ છે? આપણે આપણા વ્યવસાય છોડવાના નથી. ગૃહત્યાગ કરીને ક્યાંય જવાની આવશ્યકતા નથી. જ્યાં છો ત્યાં જ પ્રભુ માટે હૃદયના એક પ્રકોષ્ઠમાં સ્થાન ઊભું કરો. હૃદયમાં અંધકાર થઈ ગયો છે. મિથ્યાત્વ અને છળનાં જાળાં થઈ ગયાં છે. માટે સાવધાન ! પરમાત્મા તો સત્ય સ્વરૂપ છે. સત્ય એટલે સુખ-શાંતિ, સુશીલ-ભદ્રતા અને કારુણ્ય. આ બધાનાં વળતાં પાણી થઈ રહ્યાં છે. માટે જાગો !

સવારે વહેલા ઊઠો ! પ્રભુ-સ્મરણ કરો. મધ્યાહ્ને ભોજન પૂર્વે ફરીથી ભગવદ્ ધ્યાન અને જપ કરો. અપરાહ્ન, સંધ્યા અને રાત્રિને શયન પૂર્વે પરમાત્માના નામ-સ્મરણથી ભરી દો.

ભાગવતના નાયક પરીક્ષિતને તેના જીવન સમાપન માટે માત્ર સાત દિવસ જ છે તે ખબર હતી. આપણને એટલી જ ખબર છે કે, "જન્મ થયો છે મૃત્યુ નિશ્ચિત છે." મૃત્યુથી ભય પામવાનો નથી, પરંતુ મૃત્યુના મુખમાં પ્રવેશતાં પૂર્વે અને તે સમયે પણ શ્યામસુંદર- મદનમોહનનું જ ચિંતન હોય. આ માટે કૃષ્ણ ટકોરે છે, 'અનન્યચિન્તયો મામ્' મારું એકમાત્રનું જ અખંડ ચિંતન-મનન અને નિદિધ્યાસન કરો.

ગીતાના અંતે અર્જુન કહે છે, 'નષ્ટો મોહઃ સ્મૃતિર્લબ્ધા કરિષ્યે વચનં તવ." હવે મોહ ગયો છે, સમજણની વેલ મારા જીવનપ્રાંગણમાં પાંગરી છે, બાપ ! હવે તમારું કહ્યું માનીશ !

આ મોહ અને અહંકારમાંથી મુક્ત થવા માટેની જ વાત છે. પૈસા વગર ચાલતું નથી, પરંતુ પૈસો જ સમગ્ર જીવનલક્ષ્ય ન થવું જોઈએ. ભગવાનને તમારી જાત સોંપી દો. ઈશ્વર શરણાગતિ સ્વીકારો. મંત્ર-જપ કરો. ગુરુમંત્રનું અનુષ્ઠાન કરો. ૐકાર-પ્રણવનું ચિંતન-ધ્યાન કરો. જીવન-કવનની કેડી આત્મજ્ઞાનના અજવાળાથી કંડારાશે. આત્મતત્ત્વને જો જાણી કે સમજી નહીં શકાય ત્યાં સુધી જીવનયાત્રા એ માત્ર લક્ષ્ય વગરની દોડધામ જેવું જ છે. લક્ષ્ય આત્મા હોય, નિષ્ઠા એકમાત્ર શુદ્ધ, સાત્ત્વિક, પવિત્ર સેવાપરાયણ જીવનની હોય તો જીવન ઝંકૃત થઈ શકે છે.

અન્યથા ભ્રાન્તિભર્યા જીવનની આસપાસ માન-અપમાન, મારા-તારા, રુચિ-અરુચિના ઝાડ-ઝાંખરમાં આત્મસૌંદર્યનાં પુષ્પો ખીલી શકે નહીં. આત્માને ચાહો. આત્મા સુખ છે, આત્મા વિશાળતા છે, સત્ય, શુદ્ધ બુદ્ધ, અજર-અમર, અવિનાશી, અખંડ બ્રહ્મ છે. અનાત્મા એટલે દુઃખ-યાતના, અજ્ઞાન-અંધકાર, ભ્રાન્તિ અને અભદ્રતા.

શુદ્ધ બ્રહ્મને પામી શકાય છે. જીવનના ઊંડાણમાં ડૂબકી મારો. મરજીવા તો થવું જ પડશે. જે મન ભ્રમિત કરે છે, તે જ મન આત્મસ્થ થઈ શકે છે. નિયમિત ધ્યાન-જપ, આત્મચિંતન અને આત્મવિશ્લેષણ (સ્વાધ્યાય) થકી પરમતત્ત્વના પ્રકાશની પ્રાપ્તિ સંભવી શકે છે. નૂતન વર્ષે દૃઢ સંકલ્પવાન બનો. આત્મસંયમની આલબેલ વગાડો. જીવનસૌંદર્યને પામો. ૐ શાંતિ. - સંપાદક

# મહાકાવ્ય તથા પુરાણોની સાધના

ગુરુદેવ શ્રી સ્વામી શિવાનંદજી

[પૂજ્ય ગુરુદેવ શ્રી સ્વામી ચિદાનંદજી મહારાજનું જીવન સાધનાનો પર્યાય હતું. તેઓ સાધના-સિદ્ધ પુરુષ હતા. તેમનાં જીવનની પ્રત્યેક પળ અને પ્રત્યેક શ્વાસ સાધના જ હતાં. તેમનાં જન્મ શતાબ્દી પછીના દશ વર્ષો એટલે ચિદાનંદ દિવ્ય દશક પ્રસંગે આપની સમક્ષ 'સાધના' પ્રસ્તુત કરતાં ખૂબ આનંદ છે.]

## ૧. રામાયણમાં સાધના

રામાયણ જગતના સૌથી પ્રાચીન અને મહાન ગ્રંથોમાંનો એક ગણાય છે. હિન્દુ સંસ્કૃતિ તથા સભ્યતાના ઉચ્ચતમ આદર્શો તેમાં સંગ્રહાયેલા છે.

યુવકો માટે આ નીતિશાસ્ત્ર છે. તે તેમને આચાર તથા ચરિત્રના ઉન્નત આદર્શો તરફ પ્રેરિત કરે છે.

રામાયણનો ગૂઢાર્થ આ પ્રમાણે છે : રાવણ અહંકારનું પ્રતીક છે, તેનાં દસ માથાં દસ ઈન્દ્રિયો છે. લંકાપુરી, નવદ્વારપુરી એ આપણું શરીર છે. વિભીષણ બુદ્ધિ છે. સીતા શાંતિ છે. રામ જ્ઞાન છે. રાવણને મારવો તેનો અર્થ અહંકારને મારવો અને ઈન્દ્રિયોનું દમન કરવું તે છે. સીતાની પ્રાપ્તિનો અર્થ છે જીવે જેને કામનાઓના કારણે ગુમાવી છે તે શાંતિની પ્રાપ્તિ કરવી. જ્ઞાન પ્રાપ્ત કરવાનો અર્થ છે–રામનાં દર્શન કરવાં.

જે મોહરૂપી મહાસાગરને પાર કરી રાગદ્વેષરૂપી રાક્ષસોનો વિનાશ કરે છે તે જ મહાન યોગી છે. તે શાંતિ યુક્ત છે. તે આત્મામાં સ્થિત થઈને નિત્ય સુખને ભોગવી શકે છે. તે જ આત્મા-રામ છે.

શ્રી રામ સત્યના પ્રતીક છે. રાવણ તમસનું પ્રતીક છે. શ્રી રામ તથા રાવણ વચ્ચે લડાઈ થઇ જેમાં છેવટે રામનો વિજય થયો. વાસ્તવિકનો અવાસ્તવિક ઉપર વિજય થાય છે. સત્ય હંમેશાં અસત્ય-તમ-ઉપર વિજય મેળવે છે. શુભ અશુભને હરાવે છે.

વાલ્મીકિ મુનિના મત પ્રમાણે દૈનિક જીવનમાં શિસ્ત દ્વારા ઈશ્વરસાક્ષાત્કાર પ્રાપ્ત કરવો જોઈએ. બાલકાંડ, અરણ્યકાંડ તથા યુદ્ધકાંડમાં શરણાગતિ અને ઈશ્વરાર્પણ ઉપર ખાસ ભાર દેવામાં આવ્યો છે.

## ૨. મહાભારતમાં સાધના

મહાભારતનો સંદેશ સત્ય તથા ધર્મનો સંદેશ છે. આ મહાકાવ્ય તેના પાઠકોમાં નૈતિક જાગરણ પેદા કરે છે તથા તેમને સત્ય તથા ધર્મના માર્ગે ચાલવાની પ્રેરણા આપે છે. તે સાચાં કામ કરવા, ધર્મના માર્ગે ચાલવા તથા આ જગતની ભ્રમણાઓને જોઈને વૈરાગ્યની વૃત્તિ પર નિત્ય સુખ તથા અમૃતત્વની પ્રાપ્તિ કરવા માટે પ્રેરણા આપે છે. તે લોકોમાં યુધિષ્ઠિરનો આદર્શ પ્રેરે છે તથા દુર્યોધનના જેવાં કૃત્યથી દૂર રહેવા શિખામણ આપે છે. દૃઢતાપૂર્વક ધર્મ ઉપર સ્થિર રહો. તેથી તમે ભૌતિક તથા આધ્યાત્મિક સંપત્તિ પ્રાપ્ત કરી શકશો. તમે નિત્ય સુખ તથા મોક્ષ પ્રાપ્ત કરશો. એ જ મહાભારતનું મુખ્ય તાત્પર્ય છે.

આંધળો ધૃતરાષ્ટ્ર અવિદ્યાનું પ્રતીક છે. ધર્મરાજ યુધિષ્ઠિર ધર્મ છે. દુર્યોધન અધર્મ છે. દ્રૌપદી માયા છે. દુઃશાસન દુર્ગુણ છે. શકુનિ ઈર્ષા તથા અત્યાચાર છે. અર્જુન જીવાત્મા છે. કૃષ્ણ પરમાત્મા છે. અંતઃકરણ-મનુષ્યનું અંતર્મન-આ જ કુરુક્ષેત્ર છે.

ધીર તથા વીર પિતામહ જેમણે મૃત્યુ ઉપર પણ વિજય મેળવ્યો છે અને જે યુદ્ધમાં દેવતાઓ દ્વારા પણ દુર્જેય છે તે આપણને આત્મત્યાગ, અદમ્ય સાહસ તથા શુદ્ધિની પ્રેરણા આપે છે. યુધિષ્ઠિર ન્યાય તથા ધર્મની મૂર્તિ છે. તેમનાં નામનાં સ્મરણમાત્રથી આપણાં હૃદયમાં હર્ષનો અતિરેક ઊઠે છે અને સત્ય તથા ધર્મની ચેતના જાગ્રત થાય છે. કર્ણ તેની દાનશીલતાના કારણે આપણાં હૃદયમાં નિવાસ કરે છે. કર્ણનું નામ જ એક કહેવત બની ગયું છે. જ્યારે લોકો કોઈની દાનશીલતાનાં વખાણ કરે છે ત્યારે કહે છે કે આ તો

ધનેશ્વરી કર્ણ છે.

આજે આપણે અર્જુનને પૂર્ણ મનુષ્યના રૂપે અને ભગવાન કૃષ્ણને આપણા ત્રાતાના રૂપમાં જોઈએ છીએ. જ્યારે પણ આપણે દુઃખમાં પડીએ છીએ ત્યારે આપણે ભગવાનને પ્રાર્થના કરીએ છીએ કે હે પ્રભુ, તમે જેવી રીતે ગજેન્દ્ર અને દ્રૌપદીની રક્ષા કરી હતી તેવી રીતે અમને પણ બચાવો.

પાંડવો તથા દ્રૌપદીનાં દુઃખ, નળ-દમયંતી, સત્યવાન-સાવિત્રી વગેરેનાં કષ્ટ સ્પષ્ટ રીતે બતાવે છે કે જીવનના ધ્યેયની પરિપૂર્ણતાની પ્રાપ્તિ દુઃખ તથા કષ્ટ દ્વારા જ શક્ય છે. દુઃખ તો એવું સાધન છે કે જેનાથી મનુષ્ય દિવ્ય બીબામાં ઢળાઈને શિસ્તબદ્ધ તથા સબળ બને છે. જેવી રીતે અશુદ્ધ સોનાને ગાળીને, તેનું શોધન કરીને શુદ્ધ બનાવાય છે તે રીતે મલિન તથા અપૂર્ણ મનુષ્ય દુઃખ તથા કષ્ટમાં ગળાઈને શુદ્ધ, પૂર્ણ તથા સબળ બને છે. આથી મનુષ્યે દુઃખ અને કષ્ટથી ડરવું ન જોઈએ. આ બધાં ગુપ્ત વરદાન જ છે. તે તો આપણી આંખો ખોલે છે. તે આપણાં મૂક ગુરુ છે. તે મનને ઈશ્વરોન્મુખ બનાવે છે તથા હૃદયમાં કરુણા ભરે છે અને આત્મબળ તથા તિતિક્ષાશક્તિની વૃદ્ધિ કરે છે. આ બધાં ઈશ્વરસાક્ષાત્કાર માટે અનિવાર્ય છે.

**૩. ભાગવત પુરાણમાં સાધના**

**(ક) અવધૂતના ચોવીસ ગુરુ**

ધર્મમાં પારંગત યદુએ એક યુવાન અવધૂત બ્રાહ્મણ-દત્તાત્રેયને ભમતાં જોયો અને ધર્મતત્ત્વ જાણવાની ઈચ્છાથી તેને નીચે પ્રમાણે પ્રશ્ન પૂછ્યાઃ

યદુએ કહ્યું કે : ''હે ઋષિ, કંઈ પણ કાર્ય કર્યા વિના તમે આ વિશુદ્ધ જ્ઞાન ક્યાંથી પ્રાપ્ત કર્યું છે કે જેના કારણે તમે અસંગ બની એક બાળકની માફક નિર્ભય બની સંપૂર્ણ સુખપૂર્વક વિચરી રહ્યા છો?''

''સામાન્યતઃ આ જગતના લોકો ધર્મ-અર્થ, કામ તથા આત્મચિંતનનો અભ્યાસ દીર્ઘાયુ, યશ તથા સંપત્તિની પ્રાપ્તિ માટે જ કરે છે, જોકે તમે કોઈ કામ નથી કરતા કે નથી કોઈ પ્રયાસ કરતા છતાં તમારું શરીર તો સુદૃઢ છે, તમે જ્ઞાન તથા વિજ્ઞાનથી પૂર્ણ તથા સુંદર છો. તમારી વાણી મધુર-અમૃત સમાન છે. તમે કોઈ વસ્તુ પ્રત્યે રાગ નથી રાખતા. સંસારના લોકો કામ તથા લોભની આગમાં શેકાઈ રહ્યા છે, પરંતુ તમે આ અગ્નિથી જરા પણ તપ્ત નથી થતા. તમે આત્મતૃપ્ત તથા સુખી છો. જેવી રીતે ગંગાજળમાં બેઠેલો હાથી દાવાનળથી પીડિત નથી થતો તેવી રીતે તમે પણ ક્લેશાગ્નિથી પીડિત નથી થતા. તમારા સુખ તથા આનંદનું મૂળ શું છે તે મને સમજાવો. એકાંત જીવનમાં વિષય-પદાર્થોથી અલિપ્ત આત્મામાં જ તમે કેવી રીતે સુખ પ્રાપ્ત કરો છો? તમારે નથી તો પરિવાર કે નથી વિષયસુખ તો પછી તમને સુખ ક્યાંથી મળે છે?''

બુદ્ધિમાન યદુરાજાએ જ્યારે બ્રાહ્મણને આ પ્રમાણે પ્રશ્ન પૂછ્યા ત્યારે બ્રાહ્મણે તેના જવાબ આપતાં કહ્યું કે મારા ઘણા ગુરુઓ છે. મેં મારી પોતાની બુદ્ધિની મદદથી આ ગુરુઓ પાસેથી શિક્ષણ મેળવ્યું છે. તેમની પાસેથી જ્ઞાન પ્રાપ્ત કરીને હું અસંગ બની પૃથ્વી ઉપર વિચરણ કરું છું.

□ 'સાધના'માંથી સાભાર

---

**દિવ્ય પ્રેમ**

પ્રેમ એ મેળવવાની નહિ પણ આપવાની વસ્તુ છે. શુદ્ધ પ્રેમ, બીજાને માટે ભોગ આપવામાં, બીજાના ભલા માટે સહન કરવામાં બીજાઓના સુખમાં પોતાનું સુખ જોવામાં સમાયેલો છે. શારીરિક પ્રેમ લાંબુ ટકતો નથી. તે તો એક પ્રકારની વાસના છે. તે સ્થૂળ અને ઇન્દ્રિયોથી સંબંધિત છે. શરીર અને ચામડી તરફનો પ્રેમ કામવાસના જ છે. ઈશ્વર તરફનો પ્રેમ દિવ્ય હોય છે.

- શ્રી સ્વામી શિવાનંદજી

# ચેતનાને કયા પ્રકાશથી જાણવી?

- શ્રી સ્વામી ચિદાનંદજી

પુરાતન સમયમાં તમારા પૂર્વજો એક મહાન, અસાધારણ, અદ્વિતીયની ખોજ; અજ્ઞાત, અદશ્યની ખોજ; છૂપા અને ગૂઢ પાછળની ખોજ; દશ્ય અને જ્ઞાતની પાછળ અને તેની પેલે પારની ખોજ કરવા નીકળેલા. તેઓ આ અજ્ઞાત શું છે તે જાણતા ન હોવા છતાં તે અસ્તિત્વમાં છે કે નહિ તેનું પણ જ્ઞાન ન હોવા છતાં તેઓ તેની ખોજ પાછળ મંડેલા.

જે વસ્તુના અસ્તિત્વ વિષે પણ જ્યારે ખાતરી ન હતી ત્યારે તે વસ્તુ શોધવા જવાની શી જરૂર હતી? આવી જરૂર એટલા માટે ઊભી થઈ કે તેઓને જણાયું કે જે બધું દશ્ય છે, જે પાંચે ઇન્દ્રિયોને ગોચર છે તે અલ્પ સમયનું, વિકારી, અસ્થાયી, નાશવંત, ક્ષય તથા વિઘટનપાત્ર છે. તેઓએ જોયું કે જે કંઈ દશ્ય છે તે પરિવર્તનીય છે. તેઓએ એ પણ જાણ્યું કે દરેક વસ્તુને આદિ અને અંત છે, તે સ્થળમાં સીમિત અને તેના પરિવર્તનશીલ સ્વભાવના લીધે વિશ્વાસપાત્ર નથી.

તેમને લાગ્યું કે આ પરિસ્થિતિ સંતોષપ્રદ ન હતી. વળી, તેઓ જાણવા માગતા હતા, ''કોઈ વસ્તુ છે ખરી, જે કાયમની હોય? અપરિવર્તનીય, અવિનાશી, શાશ્વત એવું કશુંક છે ખરું?'' એટલે આ અદશ્ય, આંતરિક પ્રદેશ જે તેઓ માટે અજાણ્યો હતો તેની અસાધારણ ખોજ તેઓએ શરૂ કરી. તેઓના સંશોધન દરમિયાન તેમને એક મહાન વસ્તુ દૈવયોગે મળી આવી. તેઓએ શોધી કાઢ્યું કે કશુંક આદિ-અંતરહિત, અપરિવર્તનીય, અવિનાશી, કાયમી, સ્થળ-કાળથી પર, શાશ્વત અને અનંત – જેવું તેઓ શોધતા હતા તેવું છે.

તેઓએ તેને મૂળ તત્ત્વ 'ૐ તત્ સત્' તરીકે જાહેર કર્યું. તેને અશાશ્વતથી પર શાશ્વત, દશ્યની પાછળ અને પેલે પાર રહેલી અદશ્ય વાસ્તવિકતા, ક્ષણભંગુર કાલ્પનિકતાની પાછળ અને તેનાથી પર રહેલી અદશ્ય સત્તા; જે બધું નાશવાન અને ક્ષય, વિઘટન અને વિલોપનને પાત્ર છે તેની પાછળ અને પર રહેલી અવિનાશી અને અક્ષય સત્તા વગેરે નામ આપ્યાં. વળી, તે સ્થિતિ સભાનતા અને જ્ઞાનના પ્રકાશની સ્થિતિ હોવાથી તેઓએ તેને બધા અંધકારથી પર, પ્રકાશના પણ મહાન પ્રકાશ, જે બધું પ્રકાશે છે તેનો ઉદ્ગમ કહ્યો. તે અહેતુકી હેતુ, નિરાધાર-આધાર અને શાશ્વત છે.

ભવિષ્યની પેઢીઓ માટે, સદા કાળ માટે, આ શોધ અને અનુભૂતિ તેઓ મૂકી ગયા. તે શાશ્વત પ્રકાશ હોઈ તે કદી ઝાંખો પડતો નથી. જે આપણા આ જગતમાં ઉત્તુંગ, ઉત્કૃષ્ટ, શુદ્ધ, ઉમદા, મૂલ્યવાન, પવિત્ર અને પાવન છે તેને આધારરૂપ 'તે' છે. બીજી બધી રીતે સારરહિત અને અક્કલ વિનાના માનવ અસ્તિત્વ-જેની જન્મ, મૃત્યુ, જરા, વ્યાધિ, ક્ષય, ઘૃણા, હિંસા, અનાચાર, અપરાધિતા, જુઠાણું, અપ્રામાણિકતા અને દુર્ગુણ વગેરે ખાસિયતો છે-નું આ સારતત્ત્વ છે.

આજની માનવતાના અંધકારમય વર્તનની સ્થિતિમાં આ પ્રકાશ અજવાળે છે અને તમે તે પ્રકાશ છો. તમારા જીવન માટે, તમારા માનવદેહ માટે આ અંધકારથી ઉપર ઊઠી આત્મસભાનતાના ઝળહળતા પ્રકાશમાં આવવાનો અને તમે જે દીપ્તિ છો તેનો ઝળહળતો અનુભવ લેવાની એક ભાગ્યે જ મળતી તક અને અવસર છે.

ઘણા સમય અગાઉ, યુગો વીતી ગયા ત્યારે તે પ્રકાશના આપણા માટેના ક્રમશઃ રાહદર્શન માટે ગુરુએ તેના શિષ્યને પૂછેલું : 'વહાલા શિષ્ય, આ બધી વસ્તુઓ કયા પ્રકાશને લીધે દેખાય છે?' ગુરુજી, સૂર્યના પ્રકાશના કારણે.' 'શિષ્ય, જ્યારે રાત પડે, સૂર્ય આથમે, પછી કયા પ્રકાશથી વસ્તુઓ દેખાય?' 'ગુરુજી, ચંદ્રના અજવાળે.' જ્યારે બીજ હોય, કોઈ ચંદ્ર આકાશમાં પ્રકાશતો ન હોય ત્યારે કયા પ્રકાશથી વસ્તુઓને જાણી શકાય?' 'ગુરુજી, તારાઓના અજવાળે' 'અને

ચોમાસાની મધ્યમાં, વાદળ-ઘેરી રાત્રે, અંધકારમાં જ્યારે ચંદ્ર કે તારા દેખાતા ન હોય ત્યારે કયા પ્રકાશથી અહીં વસ્તુઓ દેખાય?' ગુરુજી, 'અગ્નિના પ્રકાશે.'

'ધારો કે તમે એક અંધારી ચંદ્રરહિત, વાદળઘેરી રાત્રે એક ભોંયરામાં ઊતરો અને પવનના ઝપાટાથી તમારી સાથે લીધેલી બત્તી બુઝાઈ જાય, બધું પૂરા અંધકારમાં ઘેરાઈ જાય તો કયા અજવાળે વસ્તુઓ ઓળખાય, તમે ભોંયરામાં છો તે કયા પ્રકાશથી જાણો-તમે ઊતર્યા તે સીડી, ચાર દીવાલો અને બીજી વસ્તુ કઈ રીતે જાણો?' ગુરુજી, 'વસ્તુઓ પહેલાં જોઈ હોય તેની પૂર્વ સ્મૃતિથી.'

'વહાલા શિષ્ય, જેની સ્મૃતિશક્તિના કારણે વસ્તુઓ યાદ આવે છે તે આ દ્રષ્ટા કોણ છે? જેના મનની આંખો વડે જુઓ છો તે પુરુષ કોણ છે? મનની દૃષ્ટિથી જોવા કયો પ્રકાશ કામ લાગે? જ્યારે કશું જ ન દેખાય, કશું જ ન ઓળખાય, કોઈ નામ-રૂપ ન જણાય, આંખો ખુલ્લી હોવા છતાં કશું અસ્તિત્વમાં હોવાની ખબર નથી પડતી ત્યારે માણસને સભાન રાખતો કયો પ્રકાશ છે? તે પ્રકાશ કયો?'

'એક વ્યક્તિ કશું ન જોવા-જાણવા છતાં વસ્તુઓ પ્રત્યે સજાગ છે, એક વ્યક્તિ જે સભાન છે તેને ચેતનાનો કયો પ્રકાશ અહીં કામ આપે છે?' 'તે પુરુષનું સારતત્ત્વ શું? તે ચેતના, તે સભાનતા છે. તે તું છે. તે ચેતનાનો પ્રકાશ છે, જેને જાણવા માટે કોઈ બીજો પ્રકાશ જરૂરી નથી, કારણ તે જ્ઞાનનું સાર-તત્ત્વ છે. તે જ્ઞાનસ્વરૂપ છે. તે અનાદિ, અનંત છે. તે જ મહાન સત્તા છે. તે છે સત્ય, બ્રહ્મ. બધા અંધકારથી પર પ્રકાશોનો પ્રકાશ. તે એક જ સત્ય છે અને તે તું છે.'

જ્યારે આપણે તે વાસ્તવિક તત્ત્વથી અજ્ઞાત સ્થિતિમાં હોઈએ, જ્યારે આપણને દેખીએ તેટલું જ ખરું જણાય, જ્યારે આપણે મન ફક્ત ઘણા - સંખ્યા-નું જ મહત્ત્વ હોય ને વળી જ્યારે અદૃશ્ય એક જ અને અદ્વિતીયને આપણે યથાર્થ ન ગણતા હોઈએ ત્યારે આ આધ્યાત્મિક અજ્ઞાનની અવસ્થામાં, આધ્યાત્મિક અસૂઝની પરિસ્થિતિમાં જિજ્ઞાસુઓ અને મુમુક્ષુઓ માટે એક કસોટી કરતો પ્રશ્ન છે : કયા પ્રકાશથી 'તે'ને જાણવો?

આ કસોટીનો પ્રશ્ન છે અને તે પ્રકાશ છે સત્યાચરણનો પ્રકાશ. સત્યવાદિતાના પ્રકાશથી 'તે'ને ઓળખાય. જે સત્યવાદી હોય તે પરમ 'સત્તા'ને ઓળખે. તે પ્રકાશ પવિત્રતાનો પ્રકાશ છે. જે વ્યક્તિ પવિત્રતાના પ્રકાશથી પ્રકાશે છે તે પવિત્રતાની મૂર્તિ-બ્રહ્મ-બની જાય છે અને મહાન પરમ 'સત્તા'ને જાણે છે. તે પ્રકાશ ધર્મનો પ્રકાશ છે, સદાચારનો પ્રકાશ છે. જે ધર્મને અનુસરે, તે ધર્મના પ્રકાશથી 'પરમ સત્તા'નો સાક્ષાત્કાર કરે.

માટે સત્ય, પવિત્રતા અને સદાચાર જિજ્ઞાસુને કેડી વગરના પથ પર દોરી જતી પ્રજ્વલિત મશાલ છે, જે અંતમાં પ્રકાશ, જ્ઞાન, સાક્ષાત્કાર અને મોક્ષ તરફ દોરી જાય છે, માટે આ પ્રકાશ છે, જેના વડે આપણા જીવનને, જ્યાં સુધી બધા અંધકારથી પર પ્રકાશોના પ્રકાશમાં વિલીન થવાના મહાન ધ્યેયને ન પામીએ ત્યાં સુધી આપણે અજવાળવાનું છે. આ એ પ્રકાશ છે, જે દિવ્ય જીવનને અજવાળે છે. સત્ય, પવિત્રતા અને સદાચાર ધરાવતા દૈનિક જીવન-દિવ્ય જીવન-રૂપી મંદિરના બરાબર કેન્દ્રમાં આ પ્રકાશ સ્થિત છે.

આ પ્રભાતમાં સત્સંગના એક કલાકની ભેટ આપનાર મહાન સત્તાને આપણે આપણા ભક્તિભાવપૂર્ણ પ્રણામ કરીએ અને તેનો દિલથી આભાર માનીએ, કારણ આ કલાકમાં આપણે કદી પરિવર્તન ન પામતાં શાશ્વત સત્ય પર ઊંડું ચિંતન કરી શકીએ છીએ - બીજું બધું ભલે બદલાય અને બદલાય છે, છતાં આ શાશ્વત મૂલ્યો છે. આ પૃથ્વીના પટ પર, માનવજીવનના બદલાતા રહેતા નાટકમાં, આ ઇન્દ્રિયગમ્ય, સદા બદલાતા સદા વહેતા આભાસમાં રહેલાં આ શાશ્વત તથ્ય છે, શાશ્વત મૂલ્યો છે. તે અવિકારી, સદા પ્રમાણભૂત, સદા અમલ કરી શકાય તેવાં સત્ય છે. આપણે આ સત્યનું ધ્યાન ધરીએ અને ધન્ય થઈએ!

☐ 'મુક્તિપથ'માંથી સાભાર

# જીવનમૂલ્યો : સદાચાર અને ચારિત્ર્ય

શ્રી સ્વામી અધ્યાત્માનંદજી

**(નિરમા યુનિવર્સિટી ખાતે દર વર્ષે સંસ્થાના આચાર્ય માટે એક પ્રેરણાસત્રનું આયોજન કરવામાં આવે છે. છેલ્લાં કેટલાંક વર્ષથી પૂજ્ય સ્વામીજીને પણ આ જ્ઞાનયજ્ઞમાં નિમંત્રવામાં આવે છે. આ વર્ષે આ જ્ઞાનસત્રનું પ્રથમ ઉદ્‌બોધન પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજી મહારાજે કર્યું. અત્રે એ પ્રવચનનો સારાંશ પ્રસ્તુત કરતાં હર્ષ અનુભવીએ છીએ. - સંપાદક)**

ગુજરાત રાજ્યનાં મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પૂર્વે શિક્ષણમંત્રીપદે પણ રહ્યાં હતાં. શ્રેષ્ઠ શિક્ષકોના ઈનામ વિતરણ પ્રસંગે એક શિક્ષિકાના જીવનનો પ્રસંગ તેમણે તેમના પુસ્તક 'એ મને હંમેશા યાદ રહેશે' માં કર્યો છે. આ પુસ્તિકાનું લોકાર્પણ કરવાનું મને સૌભાગ્ય મળ્યું હતું. પ્રસંગ એમ હતો કે, "એક વિદ્યાસહાયક બહેનની નિમણૂક એક શાળામાં કરવામાં આવી. ઉત્સાહ હતો, ખંત હતો, ઉમંગ હતો, પરંતુ દરરોજ વર્ગમાં હાજરી પૂરતી વખતે બાવીસ નંબર ગેરહાજર જ હોય, પરંતુ તે છોકરી લઘર-વઘર, ગંદા-ગંધાયેલાં કપડાં, ઓળ્યા વગરના વાળ, ચપ્પલ વગર છેક બાર-સાડા બાર વાગ્યે વર્ગના દરવાજે આવીને ઊભી રહે. મોડા અને આમ સ્વચ્છ થયા વગર આવવા બદલ દરરોજ તે બહેન તેને વર્ગમાં પ્રવેશ આપતાં નહીં. છોકરી બહાર જ ઊભી રહેતી, થાકી જતી તો બેસી જતી, રડતી પણ ખરી, આવું દરરોજ ચાલતું, તેના સ્વભાવમાં કંઈ ફરક ન હતો. શિક્ષિકાનો આક્રોશ દરરોજ વધતો જતો હતો. પરંતુ એક દિવસ 'બાવીસ' નંબર બોલાયો તો તે છોકરી ઉપસ્થિત હતી. વાળ ઓળેલા હતા, કપડાં સ્વચ્છ હતાં, પગમાં ચપ્પલ પણ પહેર્યાં હતાં. અત્યાર સુધી મોડા આવવા માટે શિક્ષિકાબહેનનો પિત્તો જતો હતો. આજ તેને સમયસર આવેલી જોઈને તેમનો પિત્તો ગયો અને કહ્યું : "કેમ બહેન બા ! આજે સૂરજ પશ્ચિમમાં ઊગ્યો છે કે શું ! દરરોજ કેમ મોડી આવતી હતી ? આજે કેમ વહેલી આવી શકી ? દરરોજ કેમ લઘર-વઘર આવતી હતી ? આજે કેમ નહાઈ-ધોઈને આવી ? બોલ !"

તેણીએ શાંતિથી જવાબ આપ્યો, "મારાં માતા-પિતા મજૂરી કરવા જાય છે. મારે મારા નાના ભઈલાને સાચવવાનો હોય ને ? બા મજૂરી કરીને પાછી આવે ત્યારે જ તો હું નિશાળે આવું ને !" પરંતુ શિક્ષિકાબહેન આ જવાબથી પણ ઉકળી ઊઠ્યાં. "તો આજે શું શુભ થયું ?" નિર્દોષભાવે તે બાળકી બોલી : "કાલે મારો ભઈલો મરી ગયો ને ! એટલે મારી બાએ મને તૈયાર કરીને સમયસર નિશાળે મોકલી દીધી."

આખોયે વર્ગ સ્તબ્ધ હતો. શિક્ષિકા બહેન પણ મૌન થઈ ગયાં. થોડી પળે તેમના હૃદયમાં અંતર જાગરણ થયું. તેઓ તે નાની ભૂલકી પાસે ગયાં. તેને છાતીએ લગાડી. જાણે કેમ અત્યાર સુધી જાતે કરેલા અન્યાય અને એક પણ દિવસ તેના મોડા આવવાના કારણને પૂછ્યા વગર જ તે કુમળી વયની બાળકીને દરરોજ ઊભા રહેવાની, વર્ગમાં પ્રવેશ નહીં આપવાની સજા ફટકારી હતી.

જરૂર નથી કે આપણે શિક્ષકો છીએ તેથી આપણે જ સમૃદ્ધ છીએ. આ શિક્ષણ ક્ષેત્રે તો તમામ ગવાક્ષ દ્વાર ઉઘાડાં જ રાખવાં જોઈએ. શિક્ષણ માત્ર પુસ્તકોમાંથી જ નથી મળતું. આપણા જીવન-કાર્યક્ષેત્રના પ્રત્યેક પ્રસંગે શિક્ષણનો સ્ત્રોત વહેતો જ રહે છે. માટે જ શ્રુતિએ કહ્યું છે કે, "આ નો ભદ્રાઃ ક્રતવોયન્તુ નઃ" ચારેય તરફથી સારા વિચારો અમને પ્રાપ્ત થાઓ. શિષ્ય, શિક્ષણ અને શિક્ષક વચ્ચે એક અકલ્પનીય સંબંધ છે. એવું જરૂરી નથી કે આપણે બહુ ભણેલા છીએ એટલે ઉચ્ચ સ્તરીય સ્થાને છીએ અને વિદ્યાર્થીઓ સાધારણ બુદ્ધિના છે, તમારે તેમને જ્ઞાનદાન કરવાનું છે. આ સમજણ ખોટી છે. કમ્પ્યૂટરના યુગમાં પ્રામાણિક અને મહેનતુ વિદ્યાર્થીઓ ખૂબ જ તૈયારી કરીને, વાંચી-વિચારીને ભણવા આવતા હોય છે. તેમણે પૂછેલા કોઈ પણ પ્રશ્નનો ઉડાઉ કે ખોટો જવાબ આપવો નહીં. તે મહેનત કરશે, કારણ કે તેને તમારા જવાબથી સંતોષ નથી થયો. તેને સાચો ઉત્તર મળતાં તેને આપના પ્રત્યેની શ્રદ્ધા ઊંડી જશે.

વિદ્યાર્થીઓ પાસે શિક્ષકોએ પોતાના જ્ઞાનનું પ્રદર્શન કરવાનું નથી. વિદ્યાર્થીઓ કઈ ભાષામાં સમજે તે સ્તરે આવીને તેઓ સમજે તે ભાષામાં ભણાવવાનું છે. આપણે કદી પણ ન ભૂલીએ કે આપણે શિક્ષકો જ આ ભાવિ ભારતના આધારસ્તંભ અને નાગરિકોના જીવનના ઘડવૈયા છીએ. આપણે ભલે એક જ વિષય પાંચ-દશ કે પંદર વર્ષથી ભણાવતા હોઈએ, છતાં દરરોજ શું ભણાવવાનું છે તેનો સ્વાધ્યાય કરીને જ આવીએ તો વિષયજ્ઞાનની એક જ સરખી સમજણમાં નવી કૂંપળો ફૂટશે. જીવન અને શિક્ષણ બંનેમાં ચૈતન્ય પ્રગટશે.

આપણે-શિક્ષકોના જીવનની એક નિષ્ઠા હોય કે મારો વિદ્યાર્થી મારાથી પણ શ્રેષ્ઠ જ્ઞાનનો અધિકારી બને તો આપના સર્વના પ્રામાણિક પ્રયત્ન અને વિદ્યાર્થીની આપનામાં સ્થાપિત થયેલી શ્રદ્ધા તથા તેમણે તેના જીવનનું આપના પ્રત્યે કરેલું સમર્પણ તેના વ્યક્તિગત સામાજિક અને વિશ્વના નાગરિક બનવાની ક્ષમતામાં નવું ઓજસ, તેજસ અને પ્રાણ પ્રગટ થશે.

વાતો ભલે નાની હોય, પરંતુ દરેક નાની વાતનું શિક્ષકના જીવનમાં નવા શિક્ષણની પ્રેરણાનું પીયૂષ પૂરું પાડે છે. દિવાળીના દિવસે હું ઓર્લાન્ડો (ફ્લોરિડા-અમેરિકા)માં હતો. ત્યાં એક બંગલા અને બીજા વચ્ચે અંતર તો ખાસ્સું મોટું હોય જ છે, પણ બે બંગલા વચ્ચે દિવાલો કે કોઈ પણ પ્રકારની વાડ હોતી નથી. પાણીનું તળ ત્યાં ઘણું જ ઊંચું હોય છે. જેમના ત્યાં મારો નિવાસ હતો તેમની સાથે અમે મોડી રાત્રે દિવાળી ઉત્સવમાંથી પાછા ફર્યા. દરવાજે એક કવર ચોંટેલું હતું. કવરને દરવાજામાંથી ઉખાડી- દરવાજો ખોલી- લાઈટ ચાલુ કરી બહેને તેમાંનો પત્ર વાંચ્યો. તેમણે વાંચ્યા બાદ તે પત્ર મને આપ્યો. એ પત્રમાં લખ્યું હતું, "હું આપનો પાડોશી આજે સાંજે લોન કાપતો હતો. મારી બેધ્યાનતાના કારણે હું તમારા એરિયામાં પણ આવી ગયો. ત્યાં તમારા બગીચાનું સ્પ્રિંકલર (સમયસર પાણી છાંટતો ફુવારો) છે. તેનાથી અજાણ મારા લોન કાપવાના મશીનથી તે સ્પ્રિંકલર તૂટી ગયું. પાણી ખૂબ ઊછળ્યું. તમારી મોટર આવવાના માર્ગે-રસ્તા ઉપર બધે પાણી જ પાણી થઈ ગયું. ઉતાવળે મારે બે ચાર કામ કરવાં પડ્યાં. વહેતા પાણીને રોકવું પડ્યું. સ્પ્રિંકલર બદલાવવું પડ્યું. પાણી જ્યાં-જ્યાં ભરાયું હતું તેને સૂકાવવું પડ્યું. જેટલી લોન કાઢી નાખવી પડી હતી તેટલી બદલાવવી પડી. તમે રાત્રે આવો તો જાણ ન થઈ શકે, પરંતુ સવારે તો બધું આંખે આવીને વળગશે. ચિંતા કરશો નહીં. હવે બધું વ્યવસ્થિત થઈ ગયું છે. હું અપરાધી છું, ક્ષમા પ્રાર્થી છું. તમે ઉદાર છો, મારા અક્ષમ્ય અપરાધને અવશ્ય ક્ષમા આપશોજી." આપનો જ વહાલો પાડોશી.

ચારિત્ર્ય અને સદાચારની વાતો સરળ છે, પરંતુ તેનો આપણા જીવનમાં વિનિમય કેટલો ? આપણા એક મિત્ર એક દિવસ બેન્કના ATMમાં પૈસા લેવા ગયા. તેમના પૂર્વે જ કોઈ આવ્યું હશે, તેમના પાંચસો ડોલર મશીનના મોઢામાં જ હતા. તેઓ કદાચ ઉતાવળમાં પૈસા લેવાનું ભૂલી ગયા હશે. તે મિત્રે તે પૈસા મેનેજરના હાથમાં આપ્યા. મેનેજરે પૂછ્યું, "મારે શું કરવાનું ?" મિત્રે કહ્યું : "મારા પહેલાં કોણ આવ્યું હતું ? તેને શોધી કાઢો અને આ પૈસા તેને પહોંચતા કરો. બે કલાક પછી મિત્રને ત્યાં મેનેજરનો ફોન આવ્યો. "ધન્યવાદ ! આ પૈસા આપણી બેન્કનાં સૌથી મોટી ઉંમરનાં અને સૌથી ઓછી આવકવાળાં એક વૃદ્ધ માતાના છે. અમે તેમને પૈસા પહોંચાડ્યા છે. તેમણે કહ્યું, "મારે ત્રણ મહિનાનું ભાડું ૪૮૦ ડોલર ચૂકવવાનું હતું. તેથી મેં ૫૦૦ ડોલર કાઢ્યા હતા, પરંતુ રસીદ મેં લઈ લીધી અને પૈસા ભૂલી ગઈ. કૃપા કરીને તે ભલા માણસને આ વધેલા વીસ ડોલર મારા પ્રેમરૂપી ભેટ રૂપે મોકલી આપશોજી."

મિત્રએ મેનેજરને કહ્યું : "સાહેબ તમારા કહેવા પ્રમાણે જો એ મોટી ઉંમરનાં વડીલ (વૃદ્ધા) આપણી બેન્ક પરિવારનાં સૌથી ઓછી આવકવાળાં માતા હોય તો આ વીસ ડોલર તેમના ખાતામાં પાછા જમા કરો અને મારા ખાતામાંથી બીજા ૨૦૦ ડોલર પણ ત્યાં ટ્રાન્સફર કરો."

આ ટ્રાન્ઝેક્શનની વાત થોડી જ પળોમાં આખીયે બેન્કમાં વહેતી થઈ ગઈ. બધા કર્મચારીઓએ થોડા થોડા પૈસા ભેગા કર્યા. ૨૨૦ ડોલરમાં બાકી પૈસા ઉમેરીને એક હજાર ડોલર તે વૃદ્ધ માતાના એકાઉન્ટમાં

જમા કરાવી દીધા."

એક નાનું સરખું કામ-સેવાની વૃત્તિ અને ઉદારતાભર્યો નિષ્કામ- નિષ્કપટ સ્નેહ- સંબંધ સમાજને પ્રેમના પવિત્ર અને અતૂટ સંબંધને બાંધી શકે છે.

હજુ ગયા જ વર્ષે મકરસક્રાંતિના પવિત્ર દિવસે આપણા આશ્રમના એક શુભેચ્છકનો દીકરો બપોરે તેની નોકરીમાંથી ઘેર આવતો હતો. પતંગની દોરીથી તેના ગળામાં મોટી 'ચીસ' પડી. ત્યાં નદી કિનારે બેસેલા બે છોકરા સત્વરે દોડી આવ્યા, તેમાંના એક છોકરાએ પોતાનું શર્ટ-ખમીસ કાઢીને તેના ગળે બાંધી દીધું. તેના જ સ્કૂટર પર બંનેની વચ્ચે તેને-ઘાયલને બેસાડી તેઓ સત્વરે સરકારી હોસ્પિટલમાં લઈ આવ્યા. કુલ ૧૪૦ ટાંકા આવ્યા, સિત્તેર અંદર- સિત્તેર બહાર. આ સમાચાર બે દિવસ પછી 'Times of India'એ વિગતથી છાપ્યા. મથાળું આપ્યું હતું- 'City of Angels' ઘાયલ દીકરો બચી ગયો છે. તેના પરિવારનું એકનું એક સંતાન, કુળદીપક, સમગ્ર પરિવારની આશા અને જીવન આધારની રક્ષા થઈ હતી. તે છોકરા ગરીબ ચાલીમાં રહેતા હતા. એક દશ ધોરણ ફેલ, બીજો આઠ ધોરણ નાપાસ. આટલી સ્ફૂર્તિ ક્યાંથી આવી. તેમણે કહ્યું, "અમારી ચાલી પાસે હનુમાન મંદિર છે. ત્યાંના પૂજારીના મુખે : "જે સૌની સેવા કરે, તેમના ઉપર હનુમાનજી પ્રસન્ન રહે. હનુમાનજી શ્રેષ્ઠ સેવક છે" એવું અમે સાંભળતા હતા. આજે સેવા કરવાની તક મળી."

અમે એ બંને દીકરાઓને વાળ કપાવી, નવડાવી, ધોવડાવી, નવાં કપડાં, બૂટ-મોજાં પહેરાવીને ગવર્નર હાઉસમાં લઈ ગયા. સન્માનનીય ગવર્નરસાહેબે ભેટીને આ બંને દીકરાને વહાલ કર્યું અને તેમને સન્માનપત્ર- શાલ વગેરે આપીને નવાજ્યા.

તેઓએ વિશ્વવિદ્યાલય જોયું નથી, પરંતુ આ વિશ્વ જ તેમનું વિદ્યાલય બની રહ્યું. તેમની વિદ્યા પુસ્તકોમાંથી નથી આવેલી. તેમની વિદ્યા તેમાં પ્રગટેલા આંતર જાગરણમાંથી આવી.

જગતમાં કશુંયે અસંભવ નથી. આશા છે કે તમે લખનૌની હોશિયાર અને દૃઢ મનોબળવાળી દીકરી અરુણીમા સિંહાનું નામ સાંભળ્યું હશે. તે નેશનલ ફૂટબોલ પ્લેયર હતી. તેને ગાઝિયાબાદ-દિલ્હીથી નોકરી માટે ઈન્ટરવ્યૂનો કોલ લેટર આવ્યો. તે રેલવે સ્ટેશને આવી ત્યારે ટ્રેન પ્લેટફોર્મ છોડી રહી હતી. તે ચાલુ ટ્રેનમાં છેલ્લા આરક્ષણ વગરના ડબામાં ચઢી ગઈ. તે ડબામાં તેના સિવાય બીજી કોઈ મહિલા ન હતી. ખીચોખીચ ભરેલા ડબામાં ચાર-પાંચ યુવાન છોકરાઓ દારૂ પીને આવેલા. ટ્રેનમાં તેમણે સૌને મારી-પીટીને લૂંટી લીધા. તેઓ અરુણીમા સાથે પણ દુર્વ્યવહાર કરવા માગતા હતા. અરુણીમાએ તેમની સામે થઈ રક્ષણ કરવાનો પ્રયત્ન કર્યો, પરંતુ તે અસામાજિક વર્તનવાળા અસભ્ય છોકરાઓએ અરુણીમાને ઊંચકીને ચાલુ ટ્રેનમાંથી બહાર ફેંકી દીધી. તે જ સમયે બીજી ટ્રેન સામેના પાટા ઉપર આવતી હતી. તેની સાથે ભટકાઈને તે નીચે પડી. તેનો એક પગ પાટા ઉપર હતો. આખીયે રાતમાં તેના ઉપરથી ૪૯ ટ્રેન ચાલી ગઈ. તેની વેદનાને વિસ્તારીને કહી શકાય નહીં. તેનું જીવન સંઘર્ષની સરાણે ચઢ્યું. છ મહિના આમતેમ હોસ્પિટલ અને દિલ્હીની AIMSમાંથી તેને પૂના નવા પગ અને કસરત માટે મોકલવામાં આવી. એક વર્ષના અંતે તેણે નહેરુ માઉન્ટેનિયરિંગ સંસ્થા- ઉત્તર કાશીમાં માઉન્ટેનિયરિંગની તાલીમ લીધી. તે અનેક કષ્ટ સાથે એવરેસ્ટ વિજેતા અને આજે સમગ્ર વિશ્વના શ્રેષ્ઠ ઊંચામાં ઊંચા શિખરને સર કરી ચૂકી છે.

ઈશ્વરે આપણને બધું જ આપ્યું હોય છે. આપણા જીવનમાં પ્રેરણાનો અને પ્રેરણા મળે તો સંઘર્ષનો અભાવ હોય છે. ઉપનિષદ કહે છે, "માર્ગ ભલે ખાંડાઓની ધાર જેવો હોય પણ શૂરવીર થવા માટે તેના ઉપર જ થઈને ચાલવાનું છે."

આપણો ધર્મ હિન્દુ, મુસલમાન, ઈસાઈ કે જૈન નથી. આપણે માનવ તરીકે જન્મ્યા છીએ. માનવતા એ જ આપણો ધર્મ છે. અમે ગુજરાતી, મરાઠી, તામિલિયન, બંગાળી તેવું ન કહો. તમારી જાતને ભારતીય તરીકે ઓળખાવો. તમારું જીવન વ્યક્તિનું જીવન નથી. તમે વૈશ્વિક સમાજનું એક અવિભાજ્ય અંગ છો. આ સત્યને જાણો-સમજો- આચરણ કરો અને ધન્ય બનો.

ૐ શાંતિ.

# ગુરુ કોણ?

- શ્રી સ્વામી સચ્ચિદાનંદજી

જો તમે એમ વિચારતા હો કે તમને અંદરથી તમારી સમસ્યાઓના ઉત્તર અને માર્ગદર્શન મળી રહે છે તો સરસ. તેને અનુસરો. જો તમારું મન પૂરતું વિશુદ્ધ હશે તો ગુરુ તરીકે કાર્ય કરશે, કારણ કે તાત્ત્વિક રીતે તો ગુરુ અંદર જ છે પણ જ્યાં સુધી તમને અંદરથી સ્પષ્ટ ઉત્તર ન મળે ત્યાં સુધી તે પથના જાણકાર કોઈ વ્યક્તિને તમે પૂછી શકો છો. ઉત્તર શોધવા માટે તમે પુસ્તકોનો અભ્યાસ કરી શકો પણ જ્યારે તમે માનસિક રીતે તૈયાર હશો ત્યારે પરમકૃપાળુ પરમેશ્વર ગમે તે રીતે તમને ગુરુનો ભેટો કરાવી દેશે. જ્યારે શિષ્ય તૈયાર હોય છે ત્યારે ગુરુ આવી જ મળે છે.

સંસ્કૃતમાં ગુરુનો અર્થ છે, જે તમને જ્ઞાન આપે તે. ગુરુ શબ્દના બે અક્ષરમાં 'ગુ'નો અર્થ છે 'અજ્ઞાન' અને 'રુ'નો અર્થ છે 'નાશ કરનાર.' આમ, ગુરુ એટલે અજ્ઞાનનો નાશ કરનાર. સામાન્ય અર્થ છે: 'ગુરુ એટલે શિક્ષક'. બધા જ પયગંબર આપણા ગુરુ છે. ઈશ્વર પોતે શિક્ષક તરીકે સીમિત બની આપણને શિક્ષક તરીકે દેખાય. વ્યક્તિનું ભૌતિક શરીર ગુરુ નથી પણ તે શરીરમાં વિલસતું દિવ્ય તત્ત્વ જ ગુરુ છે.

જો તમે એમ કહો : ''મારા ગુરુનો ચહેરો સુંદર છે કે મસ્તક બોડું છે કે તેમને લાંબી દાઢી છે.'' તો તમે તેમના ભૌતિક શરીરની વાત કરો છો. જો લાંબી દાઢી ગુરુની વિશિષ્ટતા હોય તો બધા બકરા ગુરુ થઈ શકે, કારણ કે તેમને લાંબી દાઢી હોય છે. આમ ગુરુની શારીરિક શિકલ નહિ પણ તેમનામાં રહેલો દિવ્ય ભાગ–જ્ઞાન–તેને ગુરુત્વ અર્પે છે. ગુરુ સારા સંપ્રેષક (transmitter) અને સારા ગ્રહણકર્તા (receiver) પણ છે. તમે તેમની પાસેથી જ્ઞાન મેળવો છો; કારણ કે તે પહેલાંથી જ દિવ્ય સ્તર પર સંપાદિત હોવાથી તમે તેમની પાસેથી મેળવો છો, તે તમારાં સ્પંદનો પરથી તમારા માટે શું લાભ કરનારું છે તે તમને કહી શકે છે અને આમ તમને માર્ગદર્શન આપે છે પણ બહારના ગુરુ તમને તમારા લક્ષ્ય પર પહોંચાડી શકશે નહિ, તે તો તમને તે માટેનો માર્ગ બતાવશે, તમને દોરશે પણ તે માર્ગ પર ચાલવાનું તમારે છે.

જો તમે ભૂખ્યા હશો તો તમારે ખાવું જરૂરી છે. હું તમારા બદલે ખાઈ શકું નહિ. હું તો તમને ખાવાનું ક્યાં છે તે બતાવી શકું. સાચા ગુરુને તમારી સચ્ચાઈ સિવાય બીજા કશાની જરૂર નથી. તેને લાગશે કે તમે સચ્ચાઈપૂર્વક માગો છો તો તે તમને આપશે. આપેલી વસ્તુનો તમે કેવો ઉપયોગ કરવાના છો તે પણ તમને પૂછશે નહિ. તે તો ફક્ત એટલું કહેશે: ''આ રસોડું છે. પછી તમે જમવા માટે ત્યાં ન જાઓ તો હું શું કરી શકું.''કેટલીક વાર શિષ્ય માનતા હોય છે કે જો તેઓ તેમના ગુરુ કહે તે પ્રમાણે બરાબર ન કરે તો ગુરુ તેમને શ્રાપ પણ આપે. સાચો ગુરુ આવું કોઈ દિવસ નહિ કરે. તેનો હેતુ તો તમને માર્ગદર્શન આપવાનો જ છે.

કઈ વ્યક્તિને તમારે ગુરુ તરીકે સ્વીકારવા તે તમારે જ વિચારવાનું છે. તે કંઈ તમારી પાસે આવી – ''મારે ગુરુ થવું છે'' – એમ કહેશે નહિ. તે તો હજુ પોતે વિદ્યાર્થી છે તેમ માને છે.સાચો ગુરુ પોતાની જાતને કદી ગુરુ કહેવરાવશે નહિ તો પછી સાચા ગુરુને કેવી રીતે ઓળખી શકાય? આવી વ્યક્તિ આગળ આવીને ''હું તને શીખવીશ'' એમ કહે નહિ. તે પોતે સુંદર આદર્શ જીવન જીવતા હશે. તેમના જીવનમાંથી તમે શીખી શકો. તેનું જીવન સમર્પિત હોય છે. તેના પર પ્રશંસા કે નિંદા કોઈ અસર કરી શકતાં નથી. તે જ્ઞાની છે. તે વસ્તુઓ,નામ, કીર્તિ કે કોઈ પણ વસ્તુની પાછળ નથી. તેના જીવનમાં સ્થિરતા છે. તે દ્વૈતભાવથી પર છે અને તેથી આનંદ કે વેદના, નફા કે નુકસાનની તેના પર કોઈ અસર નથી થતી. તે ત્યાં પોતાના સ્થાને છે. તે પોતાની સલાહ કે બોધ તમારા પર લાદશે નહિ. તે તમારા ઘેર આવી તેનાં ધર્મશાસ્ત્ર વાંચવાનો કોઈ આગ્રહ રાખશે

નહિ. તમારે જ તેની પાસે જવાનું રહેશે અને તમારો રસ અને નેકદિલતા બતાવવાનાં રહેશે.

ગુરુ એવી વ્યક્તિ છે, જે લોભી નથી, જે વસ્તુઓની પાછળ નથી, જે પોતાના લાભ માટે કોઈ પ્રવૃત્તિ કરતી નથી પણ બીજા માટે સમર્પિત હોય છે તે હંમેશાં સૌમ્ય અને પૂર્ણપણે સંતુલિત હોય છે.

કેટલીક વખત તે ભયંકર પ્રાણી જેવો લાગે, થોડોક જંગલી કે ગુસ્સે લાગે. આવા માણસમાંથી તમે શ્રદ્ધા ગુમાવી બેસો. તે આમ કેમ વર્તન કરે છે તે તમે સમજી શકતા નથી. બીજા લોકોને લાભાન્વિત કરવા માટે તેની પાસે કારણો છે. ફક્ત હીરાનો વેપારી જ હીરાની પરીક્ષા કરી શકે છે. ગુરુને પૂર્ણ રીતે સમજવા માટે તમારે જાતે ગુરુ બનવું જોઈએ. તમારી જાતને ગુરુની આગળ વધુ ને વધુ ખુલ્લી કરવાથી ગુરુને તમે વધુ ને વધુ સમજવાની શરૂઆત કરશો. સાચા ભગવત્પુરુષનું ચિહ્ન તેનામાં રહેલો પરમ સંતોષ છે. જ્યારે તમે પૂર્ણ ગુરુને જોશો ત્યારે તમારી આંખોમાં પૂર્ણત્વ આવી જશે. ગુરુની શોધ તમારે સાવધાનીપૂર્વક કરવી જોઈએ. જે વિદ્યાર્થીઓ મારી પાસે ધીરેથી અને સાવચેત થઈ આવતા હોય છે તેમનામાં મને વધુ વિશ્વાસ મૂકવાનું મન થાય છે. છેવટે તો આ એક પ્રકારનું શિષ્ય અને ગુરુ વચ્ચેનું જોડાણ-લગ્ન -છે. હૃદય ભેગાં થાય છે તેને તમે લગ્ન કહો છો.

તમે ફક્ત તમારી બુદ્ધિ-મગજનો ઉપયોગ કરીને ગુરુને સમજી નહિ શકો. તમારાં હૃદય તરફ ધ્યાન આપો. ત્યાં કોઈ વિશિષ્ટ લાગણી, કુદરતી આકર્ષણ અનુભવાય છે. આંખો મળે છે પણ તેમને છૂટી પાડવાનું મુશ્કેલ પડે છે. એ વાત સાચી કે તમારા મગજને સંપૂર્ણપણે બંધ ન કરતા. ઝાડ તેનાં ફળ પરથી ઓળખાય છે. જ્યારે તમારે કોઈ ડૉક્ટર કે ડેન્ટિસ્ટની જરૂર પડે ત્યારે તમારે તમારા મિત્રોને પૂછવું પડે છે : ''ડૉક્ટર કેવા છે? તે ખરાબ દાંતને જ ખેંચી કાઢે છે કે બીજાને પણ?'' જો તેઓ કહે કે તેમની દવાથી તેમને અમુક દરદમાં તરત જ ફાયદો થયો હતો તો તમને વધુ ખાતરી થશે અને તેની પાસે જશો પણ જો તમે સાંભળો કે, ''તેની પાસે જવાથી કોઈને ખાસ આરામ થયો સાંભળ્યો નથી તો તેની પાસે ન જતા.''

જે લોકો આનંદિત સ્વભાવના હોય છે તેમને આધ્યાત્મિક લોકો કહે છે. જે લોકો તેની પાછળ હોય છે તેમને આધ્યાત્મિક જિજ્ઞાસુઓ કહેવામાં આવે છે. શિષ્યો જિજ્ઞાસુઓ છે અને ગુરુ, તેણે જે કંઈ જોયું છે તેને જોવા માટે તેમને માર્ગદર્શન આપનાર વ્યક્તિ છે. તે હંમેશાં સુખી, શાશ્વત, સ્થિર, નિષ્કલંક અને અપરિવર્તનશીલ છે. તે દરેકના શાશ્વત સાક્ષી છે. ગુરુ એ એવી વ્યક્તિ છે, જે એક પૈસો પણ ખર્ચ્યા વગર શાશ્વત સાક્ષી રહી ફિલ્મ જોયા કરે છે. આખું વિશ્વ તેની ફિલ્મ છે. આ ગુણોના લીધે તેમને અલગ તારવી શકાય નહિ. તે ઊંઘતી માછલી જેવા છે.

એક વ્યક્તિ બધાંની ગુરુ ન થઈ શકે પણ જો તમે એકની ગુરુ તરીકે પસંદગી કરી હોય તો પછી તેની સાથે પૂરેપૂરા નિખાલસ બનો. બધું જ તેને અર્પણ કરી દો. આમ કરવું તે તમારા હિતમાં છે. સાચો ગુરુ શિષ્યની સંખ્યા સાથે નિસબત ધરાવતો નથી. તમે એવા કોઈ ગુરુને મળો, જે વધુ ને વધુ શિષ્ય કરવાની ઈચ્છા ધરાવતો હોય તો સમજવું કે ધંધાદારી વેપારી છે. તેણે હંમેશાં સૌથી પ્રથમ તેના શિષ્યના હિતનો વિચાર કરવો જોઈએ. તેણે પોતાના શિષ્યને એક અથવા બીજી રીતે બાંધી રાખવા ન જોઈએ. જો કોઈ ગુરુ કહે : ''તમે મારા શિષ્ય થયા છો. હવે જો બીજે કોઈ ઠેકાણે જવાનું વિચારશો તો હું તમને શ્રાપ આપીશ.'' આવા ગુરુને ત્વરિત છોડી દેજો. તે ગુરુ નથી પણ ધંધાદારી છે. ખરેખર તો તેણે તમને પૂર્ણ સ્વતંત્રતા આપવી જોઈએ. જો તે તમારા વર્તનમાં કંઈક ખરાબ જુએ તો તેણે તમને તે માટે સૌમ્ય રીતે કહેવું જોઈએ પણ જો શિષ્યને તેનામાં શ્રદ્ધા જ ન હોય તો પોતે પ્રેમપૂર્વક બાજુએ ખસી જઈ વિદ્યાર્થીને તેના માર્ગે જવા દેવો જોઈએ.

તમે ગુરુને સમર્પિત થયા હો તે સારી વાત છે છતાં તમને છેતરાઈ ગયા હો કે બંધાઈ ગયા હો તેવો ભાવ થવો ન જોઈએ; તમે ગુલામ નથી. શિષ્ય એ સારો

અનુસંધાન પાના નં. ૧૭

# શિષ્યત્વનાં વીસ વર્ષ

- ડૉ. શ્રી શરદચંદ્ર બેહરા

હૃષીકેશની પવિત્ર ભૂમિ પર એક પુણ્ય દિવસે શ્રીધરે જે પુણ્યાત્માના સંશ્રયમાં પોતાની જાતને સમર્પી દીધી હતી તેમનો જન્મ મદ્રાસના તિરુનાલવેલી જિલ્લામાં પટ્ટામડાઈ ગામમાં ૧૮૮૭ની આઠમી સપ્ટેમ્બરે થયો હતો. સૈવિતી ગુરુ અપૈયા દીક્ષિત કુપ્પુ સ્વામીના નામે જેમની કીર્તિ વ્યાપેલી હતી તેવા નામાંકિત સંતની અઢારમી પેઢીમાં, પવિત્રતા માટે પંકાયેલા વેંગુ અય્યર અને પાર્વતી અમ્મા નામનાં પિતા-માતાના ઘેર એમનો જન્મ થયો હતો. આ તેજસ્વી નવયુવાનનું હૃદય દીનદુખિયાં માટે હંમેશાં ખેંચાયેલું રહેતું એટલે સ્વાભાવિક રીતે એ દાક્તરી વિદ્યા મેળવવા તત્પર થયો અને દાક્તરીનું શિક્ષણ પણ મેળવ્યું. તે વખતે નસીબ એને છેક મલાયા લઈ ગયું અને ત્યાં આખો એક પૂરો દશકો એણે લોકોની સેવા કરી. ભારતમાંથી આવેલા આ નવજુવાન ડોક્ટરનું વલણ ગરીબ કે અમીર, ભણેલા કે અભણ સૌ કોઈ માટે એકસરખું ભીનુંછમ રહેતું. કર્મ એ જ જેની ઉપાસના હતી તેવા આ યુવાન ડોક્ટરની સુકીર્તિ એક ભલા મનુષ્ય તરીકે ચોમેર ફેલાઈ ગઈ. પોતાના જાતબંધુઓની પીડા એને સતત સક્રિય થવા પ્રેરતી અને ધીરે ધીરે એનો પ્રારંભિક ઊભરો શમતો ગયો અને ધીરે ધીરે વિચાર તથા ચિંતનની પ્રેરણા એનામાં જાગતી ગઈ. એણે ધાર્મિક સાહિત્ય વાંચવાનું શરૂ કર્યું. ધીરે ધીરે એની સામે એક સત્ય પ્રગટ થઈ ગયું કે આ રોગ, પીડા, દુઃખો અને આંસુના જગતની પેલે પાર વિતૃષ્ણાની, શાંતિની અને શાશ્વત શાંતિની પણ એક સ્થિતિ હોય છે અને પ્રત્યેક વ્યક્તિ એ સ્થિતિ પ્રાપ્ત કરી શકે તેમ છે એટલે પોતાની ઝળહળતી કારકિર્દી છોડીને ૧૯૨૩ના કોઈક દિવસે ચુપચાપ મલાયા છોડીને ગુરુની શોધમાં તથા તપશ્ચર્યા કરવા માટે સુયોગ્ય વાતાવરણ મેળવવા એ હિમાલય જઈ પહોંચ્યા. હૃષીકેશની ગંગા નદીના કિનારે એમને સ્વામી વિશ્વાનંદ મળી ગયા અને એમની પાસેથી માર્ગદર્શન માગ્યું. આમ, એમની સંન્યાસદીક્ષા થઈ અને હવે તેઓ સ્વામી શિવાનંદ બન્યા અને ૧૯૨૪માં હૃષીકેશમાં સ્થિર થયા. લગભગ દશકા સુધી એમનાં ધ્યાન-તપશ્ચર્યા ચાલ્યાં અને પછી ભગવદ્કૃપાએ આત્મસાક્ષાત્કાર પામ્યા અને એક મુક્તાત્મારૂપે ઝળહળ્યા.

આવા હિમાલયના એક અજોડ સંત માટે ગુરુપદ એ એક આફત જ હતી, પરંતુ સર્વસત્તાધીશ પરમાત્માની આજ્ઞાને આધીન થઈ હવે તેમણે પોતાનું ધ્યાન લોકસંગ્રહ ભણી ફેરવ્યું. ૧૯૩૬માં એમણે દિવ્ય જીવન સંઘની સ્થાપના કરી અને આખા ભારતના નહીં, સમગ્ર જગતના ખૂણે ખૂણે યોગ તથા વેદાંતનો સંદેશો પહોંચાડ્યો. અજ્ઞાનતાની લાંબી સોડ તાણીને સૂઈ ગયેલી માનવતાની જાગૃતિ તથા સેવા માટે તેઓ જીવ્યા. સેવા, પ્રેમ, ધ્યાન, સાક્ષાત્કાર આ બધાં આ મિશનનાં પાયાનાં મૂલ્યો હતાં. હજારોની સંખ્યામાં સાધુઓ તથા સંસારીઓ એમની પાસે એકઠા થતા. પ્રગતિમાન જિજ્ઞાસુઓ અને ઘડાયેલા યોગીઓ એમની પાસેથી યોગ અને વેદાંતના આગળના પાઠ ભણતા અને એમાંથી કેટલાક તો એમની સાથે એમના આશ્રમના અંતેવાસી તરીકે જ ત્યાં રહી જતા. એ બધા જ અત્યંત સંનિષ્ઠ સાધકો હતા, તેમાંના કેટલાક તો એવા ઉચ્ચ આત્મા હતા, જેઓએ આજે ગુરુદેવના પ્રેમ તથા સમર્પણના સંઘના કેવળ એક સાધનરૂપે પોતાની જાત સમર્પી દીધી છે. તેમ છતાંય આનંદ કુટિરના સંતને કોઈક એક એવાની પ્રતીક્ષા હતી કે જે પોતાને તમામ નાની-મોટી જવાબદારીમાંથી યથાર્થપણે મુક્ત કરી દે, પ્રભુનાં તમામ બાળકોની સેવા માટે પોતાનો આધ્યાત્મિક ખજાનો સોંપી દે. જન્મજાત સંત શ્રીધર આવો જ એક સાક્ષાત્ પવિત્રતાની મૂર્તિ સમો અને અજેય સાહસ સમો પુરુષ હતો. જેવો ગુરુ તેવો જ આ

શિષ્ય હતો.ગરીબ, દીનદુખિયારાંઓની સેવામાં એ અજોડ હતો. પ્રત્યેક જીવ માટેની એની સુકોમળ સંવેદનશીલતા અને કેથલિક જેવી અસીમ શ્રદ્ધા એ સાચે જ અનન્ય બાબત હતી. બીજા પ્રત્યેની એની આત્મસંવેદના અને સ્વયંસમર્પણની ભાવના અનુકરણીય હતી. ભક્તિ તથા ધ્યાન એ એની મુક્તિની પ્રથમ ઝંખનામાંથી આપોઆપ પ્રગટ થનારા આવિર્ભાવ હતા. પાણીની માછલીની જેમ સાધુની જીવનચર્યા એના માટે સ્વભાવ સહજ હતી. રમણ મહર્ષિ, અસંગાનંદ તથા રામદાસ જેવા સંતો સાથેના સંપર્કે એનામાં દિવ્ય ચેતનાની પરિપક્વ સ્થિતિ પેદા કરી દીધી હતી. સ્વાતિ નક્ષત્રના એકેએક જલબિન્દુને જે રીતે ચાતક સંઘરી લે એ જ રીતે શિવાનંદ જ્ઞાનનાં અણમોલ મોતીને એણે પોતાના હૃદયના ગર્ભાગારમાં સંઘરી લીધાં.

એક દિવસ ગુરુદેવે શ્રીધરને પોતાની પાસે બોલાવીને કહ્યું: 'ઘણી વખત હું મારા પોતાના શિષ્યને નિઃસ્વાર્થ સેવા પાછળ પોતાનું જીવન સમર્પણ કરી દેવા કહું છું ત્યારે એનું હાર્દ એ લોકો સમજી શકતા નથી ત્યારે મને ખૂબ દુઃખ થાય છે. હું કાંઈ તેમને આવાં ઈતર કર્તવ્ય ભણી ખેંચી જઈ તેમની અંગત સાધના પ્રત્યે બેદરકાર થવાનું તો કહેતો જ નથી. પરંતુ પ્રાતઃકાલીન તેમ જ સાયંકાલીન સાધના વ્યવસ્થિત રીતે થતી રહે તો પછી આખા દિવસ દરમ્યાન સેવાકાર્ય થતાં રહે તો તેમાં કશું જ ખોટું નથી. અકર્તા, અભોક્તા અને ઈશ્વરાર્પણ અને નિમિત્તમાત્રં અહંનાં ભાવપૂર્વક થતાં કર્મો પણ આધ્યાત્મિક સાધનાનાં અંગ બનવાં જોઈએ. એ મુદ્દા ઉપર હું ભાર મૂકવા માગું છું.' શ્રીધરે ગુરુદેવનું આ જ્ઞાનામૃત હૃદયમાં ધર્યું અને શિવાનંદનાં સેવાકાર્યમાં જોડાઈ પોતાનું સર્વસ્વ તેમાં સમર્પી દીધું. એમના ચિંતનમાં ધરમૂળથી ફેરફાર થયો હોય તેમ અત્યંત સક્રિય બની જઈને ગુરુદેવને પરમ સંતોષ થાય એ રીતે પ્રત્યક્ષ સેવાકાર્યોમાં પોતાની જાતને ખૂંપાવી દીધી.

☐ 'કરુણાસાગર ચિદાનંદ'માંથી સાભાર

(ગુરુ કોણ? પાના નં ૧૪ ઉપરથી ચાલુ)

મિત્ર, બાળક અને દરદી છે. જે ક્ષણે તમને જે કંઈ આપવામાં આવે તે તમારી સમજણ બહારનું અને સમજવું અશક્ય લાગે તો તમે બીજા કોઈ સ્થળે જઈ શકો છો. તમારું મન જો પૂરેપૂરું માનતું ન હોય તો વધુ ખાતરી માટે થોડાક દિવસ વધુ રહો. પણ મહિનાઓ કે વર્ષો માટે રહેવાનું માંડી વાળજો. નિઃસ્વાદ ખોરાક જાણ્યા છતાં તેને વર્ષો સુધી ચાલુ રાખવાની જરૂર નથી, કારણ કે તેનાથી કોઈ લાભ ન જ થાય.

તમે કોઈ વ્યક્તિને તમારા ગુરુ તરીકે યોગ્ય ગણો, છતાં સાચો ગુરુ એ શું છે તે તમારે જાણવું જરૂરી છે. યાદ રાખો. ગુરુ એટલે તેનું ભૌતિક શરીર નહિ પણ તે શરીરમાં રહેલો આત્મા-પ્રકાશ છે. તમારે જે અપનાવવાનું છે તે છે તેના જીવનની આગવી શૈલી અને તેનું ગાંભીર્ય-સ્વસ્થતા. શ્રી જિસસ અથવા શ્રીકૃષ્ણની બાબતમાં પણ લોકોએ તેના ભૌતિક શરીરની પૂજા કરવી ન જોઈએ. તમારે તો દિવ્ય શરીરની પૂજા કરવી જોઈએ, કારણ કે તેથી જ તેની મહાનતા અને ઐશ્વરીય ગુણોની પ્રતીતિ થાય છે. પછી તમે નામ અને રૂપ વગરના ફક્ત ઈશ્વરની જ પૂજા કરો છો. અંતે તો આ બધાં રૂપ અને નામ નષ્ટ થઈ તેના બદલે રૂપ તથા નામરહિત એક, નિરપેક્ષ ગુરુ હોવો જોઈએ. રૂપ અને નામ મનની પેદાશ છે. જ્યારે તમે મનની મર્યાદાથી ઉપર જાઓ છો ત્યારે કોઈ રૂપ કે નામનું અસ્તિત્વ હોતું નથી. અનુભવથી પર ગહન અનુભવ કદી સમજાવી શકાતા નથી, કારણ કે તેમને સમજાવવા માટે મનની જરૂર પડે છે, જે હોતું નથી. અસીમિત વસ્તુને સમજાવી શકાય નહિ, માપી શકાય નહિ કે સીમિત તેને કોઈ સ્પષ્ટ રૂપ આપી શકે નહિ. તમે તેનું વર્ણન ન કરી શકો પણ તે નિરપેક્ષનો અનુભવ કરી શકો છો.

- 'આતમની ઓળખ'માંથી સાભાર

# તપશ્ચર્યા અને સામાન્ય બુદ્ધિ

- શ્રી સ્વામી ચિદાનંદજી

આ પૂર્વેના અધ્યાયનાં વર્ણનોમાં મનન, અભ્યાસ અને આત્મસાત્ કરવા માટેની વિષયસામગ્રી પ્રસ્તુત કરવામાં આવી છે. તેની સાથે સાથે સ્વામીજીની આંતરિક તપસ્યાની ઝલક પણ મળે છે. તિતિક્ષા કેળવી રાખવા માટેની જરૂરિયાતના દૃષ્ટિકોણથી પણ આપણે થોડે ઘણે અંશે જાણકાર થઈએ છીએ; પરંતુ કેવળ માત્ર તપશ્ચર્યામાં જ તેમના વ્યક્તિત્વની સંપૂર્ણતા નથી અને તેઓ સ્થૂળ અને અપરિપક્વ સંયમની પરાકાષ્ઠાના પક્ષમાં પણ નથી. તપસ્યા અને તિતિક્ષા પ્રતિ તેમના વિચાર સામાન્ય બુદ્ધિ અને બૌદ્ધિક ઉદારતાથી પરિપુષ્ટ છે.

**તિતિક્ષા: સાધનાનું એક સહાયક અંગ-**

ભૂતકાળમાં થઈ ગયેલા બુદ્ધની જેમ, સ્વર્ણિમ મધ્યમ માર્ગના મુખ્ય વક્તાના રૂપમાં તેઓ ઉત્કટ સજાગતા અને સંતુલિત આત્મસંયમની સ્થિતિમાં શરીર અને મનની શક્તિઓનાં ઉપકરણોને સ્થિર બનાવી રાખવા માટે તપસ્યાને તેનું એક માધ્યમ માનવાની આવશ્યકતા પર જોર આપે છે. આ માત્ર લક્ષ્ય જ નથી અને માત્ર સત્યાનુભૂતિની વિશિષ્ટ પદ્ધતિ પણ નથી, સર્વોત્તમ બૌદ્ધિકતાની દૃષ્ટિથી સત્યના સાક્ષાત્કાર માટે તપશ્ચર્યા એક પૂરક માધ્યમ છે. તેનું મહત્ત્વ તે જરૂરી આવશ્યકતા છે તેમાં છે. એમ કહી શકાય કે આ એક ટાળી ન શકાય તેવું સહાયક અંગ છે.

ગૌણ રૂપમાં હોવા છતાં પણ આને તજી શકાય તેમ નથી. માટે એક સાચો સાધક આ વસ્તુવિષયની અવહેલના ન કરે, અને વિવેકયુક્ત દૃષ્ટિથી તેનું મૂલ્યાંકન કરે. દેહ ધર્મની મર્યાદા અનુસાર પણ અહીં સાવધાનીની આવશ્યકતા છે. માટે તેના વ્યવહારિક રૂપમાં ભિન્નતા આવવાની જ; કારણ કે સાધકોની શ્રેણીમાં સ્વભાવ, સ્વાસ્થ્ય અને વ્યવસ્થા વગેરેની વિભિન્નતા હોય છે. સ્મરણીય સત્ય એ છે કે તપશ્ચર્યાનો સિદ્ધાંત જીવનમાં અવશ્ય ઉપસ્થિત રહેવો જ જોઈએ.

વ્યવહારિક અનુભવના આધાર પર સ્વામીજી બધા સાધકો અને સંન્યાસીઓને તપશ્ચર્યાનો સદુપદેશ અવશ્ય આપે છે; પરંતુ તેની મર્યાદાનું અતિક્રમણ ન કરવાની સલાહ પણ આપે છે. એક તરફ સ્વામીજીનો આ વ્યક્તિગત અનુભવ છે કે અનેક વર્ષ એકાંતવાસ કરવાથી પણ તપસ્યાની ઉપેક્ષાને કારણે સાધુ ફરીથી સાંસારિક બંધનોમાં બંધાઈ જાય છે. બીજી તરફ તેમની પોતાની કઠોર તપસ્યાની પરાકાષ્ઠાના પરિણામ સ્વરૂપ તેમને અનેક પ્રકારનાં શારીરિક કષ્ટો પણ સહન કરવાં પડ્યાં. હૃષીકેશમાં લાંબા સમયથી રહેવાવાળા વયોવૃદ્ધ અનેક મહાત્માઓ દ્વારા ક્યારેક ક્યારેક તેમની વાતોમાં સ્વામીજીએ સ્વર્ગાશ્રમમાં કરેલી કઠોર સાધના અને તપશ્ચર્યાનાં થોડાં વિવરણો મને અહીંતહીંથી મળ્યાં.

એક વયોવૃદ્ધ સંન્યાસી (શ્રી રાજગિરિજી)એ (જેમની પાસે હું તેમના ઉપચાર માટે દવા લઈને ગયો હતો) તેમની વાતચીતમાં મને સ્વામીજીની તે દિવસોની સાધના સંબંધી વિગતોનો પરિચય કરાવ્યો. તેમને જ્યારે એટલી ખબર પડી કે હું સ્વામીજીના 'ધર્માર્થ ઔષધાલય'માંથી દવા લઈને આવ્યો છું; તેમણે મારી તરફ ઉત્સુકતાથી જોયું અને બોલ્યા, ''હમ્ સ્વામીજીને તમો યુવાની એ જ રૂપમાં સમજો છો કે જે સ્વરૂપમાં તેઓ આજકાલ આપને સૌને દેખાય છે ? તમારી દૃષ્ટિમાં કદાચ તેઓ આરામપ્રિયતાનું જીવન જીવી રહ્યા છે. શું તમો એવું નથી વિચારતા? આજથી બિલકુલ જુદા જ રૂપમાં હું તેમને જાણું છું જે વાતથી તમો સૌ સર્વથા અજાણ છો. તે દિવસોમાં તેમને એટલો બધો તીવ્ર વૈરાગ્ય હતો કે ભોજન અને વસ્ત્ર જેવી દૈનિક જીવનની અનિવાર્ય જરૂરી સાધન-સામગ્રી પણ તેઓ પોતાની પાસે રાખવા માગતા ન હતા.''

“અન્નક્ષેત્રમાં ભિક્ષા માટે દરરોજ જવાથી તેમની સાધનામાં વિઘ્ન આવતું, માટે શરીર-નિર્વાહ માટે વાસી ભોજન ઉપર જ નિર્ભર રહેવાનું તેઓ વધુ સારું સમજતા. રોટલીઓને અનેક દિવસો સુધી સાચવી રાખતા, સુકાઈ ગયેલી રોટલીને માત્ર ગંગાજળમાં પલાળીને જ ખાઈ લેતા. એનો અર્થ એટલો સ્પષ્ટ થયો કે એક દિવસની ભોજન-સામગ્રીને તેઓ એક અઠવાડિયા સુધી ચલાવતા હતા. દિન-પ્રતિદિન તેઓ પોતાના મૂલ્યવાન સમયને વધુમાં વધુ જપ, ઉપાસના અને ધ્યાનમાં વ્યતીત કરવા માટે સ્વાદ-હીન, સુકાયેલી અને કડક થઈ ગયેલી રોટલીઓ જ તેમનું મુખ્ય ભોજન હતું.

“એવી જ રીતે પહેરવા માટે અમને ખબર છે તે પ્રમાણે તેમની પાસે બે જ વસ્ત્ર હતાં. તેમની કુટીરમાં એક ધાબળો અને એકમાત્ર પાણી પીવાના વાસણ સિવાય બીજું કશું જ ન હતું. તે એકમાત્ર ધાબળો પણ તેમણે એક વાર કોઈ ગરીબ યાત્રીને આપી દીધો હતો, કારણ તે સુતરાઉ પાતળા કપડાને કારણે ઠંડીમાં ધ્રુજતો હતો. ભગવત્પ્રેરણાથી એક ભદ્ર યાત્રીએ એક નવો ધાબળો લાવીને તેમને આપેલો, પરંતુ ત્યાં સુધી તો તેઓ ધાબળા વગર જ રહ્યા.”

“જપ-સાધના માટે તેઓ રાત્રીના એકાંત અંધકારમાં ઊઠી જતા અને ગંગાજીમાં કમર સુધીનાં ઊંડા ઠંડા પાણીમાં ઊભા રહીને હાથમાં માળા પકડીને જપ ચાલુ કરી દેતા. સવારે સૂર્યોદયનાં પ્રથમ કિરણનાં દર્શન સુધી તેમની આ સાધના ચાલતી રહેતી; સૂર્યનમસ્કાર અને સૂર્યોપાસના કર્યા પછી જ તેઓ ગંગાજીના જળમાંથી બહાર આવતા.

“આવી અભૂતપૂર્વ કઠોર સાધના (જે તેમના સુકુમાર શરીર માટે ઘાતક સિદ્ધ થઈ શકતી હતી)ના પરિણામ સ્વરૂપ તેમને અતિસાર (મરડો)નો રોગ થઈ ગયો, એવો રોગ પહેલાં ક્યારેય જોવા-સાંભળવામાં આવ્યો ન હતો. કમરદર્દ બીજું પરિણામ હતું. માનસિક એકાગ્રતાને બહુ વાર સુધી સ્થિર રાખવાને કારણે તેમને ડાયાબિટીસનો રોગ પણ લાગુ પડ્યો હતો.

**સમજદાર બનો.**

વધુ પડતી તપસ્યાનાં અતિભયાનક પરિણામોના અનુભવના આધારે સ્વામીજી આપણને કહે છે - “વિલાસિતાની ઉપેક્ષા કરવાનું સારું છે; પરંતુ શરીરની રક્ષા માટે શારીરિક સુખાકારી માટે જે કંઈ જરૂરી હોય તેની પૂર્તિ કરવા માટે કોઈ પણ પ્રકારનો સંકોચ ન કરવો જોઈએ. જો તમે થોડા સમય માટે કામકાજમાં અટવાયેલા રહો તો તેના પછી આવશ્યક અને પૂરતા પૌષ્ટિક ભોજનને અવગણવું ન જોઈએ. જો તમો બૌદ્ધિક કાર્યોમાં વ્યસ્ત હશો તો માથાને શીતળતા પ્રદાન કરવા માટે બ્રાહ્મી કે આમળા જેવાં તેલનો ઉપયોગ કરો. મારા દ્વારા આપવામાં આવતા ફળ-પ્રસાદનો અસ્વીકાર ન કરો.”

એવી રીતે જ્યારે સાધકો સ્વાધ્યાય અને લેખનકાર્યમાં કાર્યનિરત રહેતા ત્યારે સ્વામીજી તેમને દૂધ, ઘી, બદામ વગેરેનો ખાસ કરીને યાદ રાખીને વપરાશ કરવાનો આગ્રહ કરતા. જો તેઓ તેના ઉપયોગ માટે જો કોઈ આનાકાની કરે તો તેમની સલાહ એમ થતી - “આવા વ્યવહારમાં બુદ્ધિમત્તા નથી. શું તમે ડાયાબિટીસ અને નાડીની દુર્બળતાના રોગી બનવા માગો છો? મારી ઘોર તપશ્ચર્યાનું પરિણામ તમે જુઓ. સાધુત્વની કસોટી માત્ર સૂકી રોટલી અને દાળ ખાવામાં નથી. પોતાના કાર્ય પ્રમાણે જે જરૂરી હોય તેટલું અને તેવું ભોજન લેવું જ જોઈએ.”

“સમય પરિવર્તનની સાથે માનવની શારીરિક શક્તિ ક્ષીણ થતી જાય છે. હવે માનવશરીરની તે સ્થિતિ નથી કે જે ધ્રુવ અને વાલ્મીકિમાં હતી. વર્તમાન સમયમાં ઘાસ ખાઈને અને એક પગ ઉપર ઊભા રહીને તપ નહીં કરી શકાય. સમય-સમયે વાર-તહેવારે ઉપવાસ કરીએ અથવા થોડા દિવસ મીઠું અથવા ખાંડ-ગોળ વગરનું ભોજન જમીએ તેમ ક્રમશઃ આત્મસંયમનો અભ્યાસ કરી શકાય છે.”

''આત્મસંયમને માટે અતિ ધીમી હોવી જોઈએ. શરીરને એકાએક ફેરફાર માટે ફરજ ન પાડો. સામાન્ય સ્વાસ્થ્ય સુખદ ન હોય તો કંઈ પણ પ્રાપ્ત કરી શકાતું નથી.''

સ્વામીજી બીમારીની હાલતમાં દવા ખાધા વગર પોતાના સિદ્ધાંતોને વળગી રહેવાના પક્ષમાં નથી. સહનશીલતા વધારવા માટે આવા સિદ્ધાંતો તેમને માટે હાસ્યાસ્પદ જ લાગે (રૂઢિવાદી અને માયાવાદી ભલે આ સિદ્ધાંતોનું સમર્થન ન કરે.) સાચી તિતિક્ષાનું આ સ્વરૂપ નથી. કઠોર ઠંડી સહન કરવી કે અસહ્ય ગરમી સહન કરવાની યાતના સહન કરવા કરતાં જો કોઈ તમને કડવાં વચન કહે તો મૌન ધારણ કરીને તેને સહન કરવાં, દુર્વ્યવહાર અને અનાદરને શાંતિપૂર્વક સહન કરવાનું એ કંઈ તપસ્યાથી ઓછું તપ નથી.

એવી જ રીતે એક જ સ્થાન ઉપર આખુંયે વર્ષ સ્થિરતાથી રહેવામાં તેટલી જ તપસ્યા છે જેટલી આશ્રય વગરના રહીને જંગલો અને પર્વતોમાં ઘૂમવામાં છે, ભલે કલ્પનામાં તે ભ્રમણ સાહસિક અને મનોહારી લાગી શકે છે. કલ્પના અને ભાવનાના પ્રવાહમાં વહેવાથી વાસ્તવિક જીવનમાં કંઈ પણ ઉપલબ્ધિ થતી નથી.

☐ 'પ્રકાશપુંજ'માંથી સાભાર

---

## શિવાનંદ આશ્રમના આગામી ઉત્સવો

- તા. ૧૪ જાન્યુઆરી, ૨૦૧૯ના રોજ પૂજ્ય શ્રીમત્ સ્વામી અધ્યાત્માનંદજી મહારાજના નેતૃત્વમાં ખેડબ્રહ્મા, રોઝન્ટામાં સવારે ૮.૦૦ થી ૯.૦૦ ગૌપૂજા અને રામનગર કંપામાં સવારે ૧૦.૦૦ થી ૧૨.૦૦ સત્સંગ
- તા. ૨૬ જાન્યુઆરી , ૨૦૧૯ના રોજ ગણતંત્ર દિવસ હોવાથી સવારના ૬.૪૫ વાગ્યે શિવાનંદ આશ્રમના પ્રાંગણમાં ધ્વજવંદન.

  શ્રી રામ-હનુમાન મંદિરના પાટોત્સવ નિમિત્તે સવારના ૯.૩૦ વાગ્યે મારુતિ યજ્ઞ.

  સાંજે ૬.૦૦ વાગ્યે આદરણીય શ્રી અજય યાજ્ઞિકજીના મધુર કંઠે શ્રી સુંદરકાંડનું સંગીતમય પારાયણ. ત્યારબાદ મહાપ્રસાદ-ભંડારો. આપ સૌને લાભ લેવા હાર્દિક આમંત્રણ છે.
- એક્યુપ્રેશર દ્વારા નિઃશુલ્ક સારવાર તથા એક્યુપ્રેશર પ્રશિક્ષણ શિબિર

  તારીખ : ૨૬-૨-૨૦૧૯ થી તા. ૪-૩-૨૦૧૯

  સમય : દરરોજ સવારે ૯ થી ૧૨ અને બપોરે ૩ થી ૬

  સ્થળ : શિવાનંદ આશ્રમ, અમદાવાદ

  સંપર્ક : ૨૬૮૬૧૨૩૪, ૨૬૮૬૨૩૪૫

જય ભગવાન એક્યુપ્રેશર સર્વિસ, મુંબઈના આદરણીય ગુરુજી શ્રી નવનીતભાઈ શાહ અને તેમની ટીમના નિષ્ણાત યુવકો દ્વારા આ શિબિરનું સંચાલન કરવામાં આવશે.

આનું શિક્ષણ લેવા માગતા તથા સારવાર કરાવવા માગતા લોકોએ તા. ૨૪ ફેબ્રુઆરી પહેલાં આશ્રમમાં નામ નોંધાવવાં જરૂરી રહેશે. મર્યાદિત સંખ્યામાં નામ નોંધવાનાં હોવાથી અગાઉથી નામ નોંધાવેલું હશે તેમને જ પ્રવેશ આપવામાં આવશે. સૌને શિબિરનો લાભ લેવા વિનંતી.

# રાસપંચાધ્યાયી

પૂજ્ય ગોસ્વામી શ્રી દ્વારકેશલાલજી
મહારાજ (કલ્યાણરાયજી હવેલી, વડોદરા)

**(શ્રી શ્રી ચિદાનંદજી મહારાજ સ્મૃતિ વ્યાખ્યાન (તા.૮.૧૨.૨૦૧૮, શનિવાર) નિમિત્તે આયોજાયેલ પ્રવચનનો સારાંશ)**

આપણા પ્રેમી રસરાજ રસિકેન્દ્ર શેખર, રસિકવર એવા શ્રીકૃષ્ણનો રાસપંચાધ્યાયી એવો વિષય છે, જેના માધ્યમથી આપણે માત્ર કૃષ્ણચરિત્ર જ નહીં, આપણા જીવનની પણ રસનિષ્પત્તિથી લઈ રસસ્થિતિ સુધી, રસસ્થિતિથી લઈ રસઉદ્દીપન સુધી અને રસઉદ્દીપનથી લઈ વિપ્રલંભ ભાવથી લઈ રસાવેશ, રસાવિષ્ટ સમાવિષ્ટ થતા આપણા આરાધ્ય શ્રુતિઓ જેમને 'રસો વૈ સઃ' કહે છે એવા પરમ ચૈતન્ય તત્વનું ચિંતન કરી શકીએ છીએ.

રાસપંચાધ્યાયી પાંચ અધ્યાયનો સમૂહ છે. શ્રીમદ્ ભાગવદ્જીનું રહસ્ય આમાં સમાવિષ્ટ છે. શ્રી ભાગવતજી શ્રી નાથજી બાવાનું, શ્રીકૃષ્ણનું શ્રી વિગ્રહ છે, તેનો દશમ સ્કંધ ભગવાનનું હૃદય છે અને રાસપંચાધ્યાયી ભગવાનના પ્રાણ થયા. રાસપંચાધ્યાયી એક એવી વૈચારિક ભૂમિકા શ્રી શુકદેવજીના મનમાં આવી, જેનાં શ્રોતા, મૃત્યુ જેના દ્વાર પર દસ્તક દઈ રહી છે, દિવસ સમય નિર્ધારિત છે કે સાત દિવસમાં તક્ષક દંશ દેશે અને પરિક્ષીતના પ્રાણ વિસર્જિત થશે એવા કર્મયોગી પરિક્ષીતને યોગીજન સહિત શુકદેવજી જ્યારે શ્રીમદ્ ભાગવતજીનું કથારસ પાન કરાવી રહ્યા છે તે વખતે જ્યારે રાસપંચાધ્યાયીની વાત આવી ત્યારે દશમ્ સ્કંધના ૨૯ થી ૩૩ અધ્યાય સુધી ઐશ્વર્યયુક્ત ભગવાન રસેશની શ્રીકૃષ્ણ લીલાઓના પ્રસંગોને રસાત્મક રીતે પરિક્ષીતના હૃદયમાં સ્થિર કર્યા, જેનાથી એમનું મૃત્યુ જ નહીં, કેવળ આ જન્મ જ નહીં, વીતેલા તમામ જન્મ અને આવનાર જન્મમાં એ શ્રીકૃષ્ણ પ્રેમમાં રસપૂર્ણ થાય એવું ગાન કર્યું છે.

શુકદેવજીએ પૂર્વાર્ધમાં રાસપંચાધ્યાયીનું મંગલાચરણ કર્યું. ત્યારબાદ યુગલગીત, ભ્રમરગીત, ગોપીગીત, વેણુગીત પ્રચલિત છે. ગોપીજનોએ ભગવાનના અંતર્ધાન થઈ જવાથી રુદન કર્યું છે પણ તેઓ સુસ્વરમાં રડ્યા છે માટે ગોપીગીત કહેવાય છે. ભગવાન અંતર્ધાન થયા પછી પુનઃ પ્રગટ થયા ત્યારે કરોડો કામદેવનું રૂપ ધારણ કર્યું છે, જેથી ગોપીજનો વિરહ અવસ્થામાં હતી તેમાં સ્થિર અને સંચારી બંને ભાવનું મિશ્રણ થયું. પુષ્ટિમાર્ગમાં શ્રી હરિરાયજી ત્રણ ભાવનાઓ વિશે વર્ણન કરે છે - લીલાભાવના (ભગવાનના સ્વરૂપનો ખ્યાલ), સ્વરૂપભાવના (ભગવાનના વેશ) ભાવભાવના (ભગવાન માટે આપણી ભાવના). શ્રી કૃષ્ણને પામવા માટે એમની લીલાનો અનુભવ કરવા માટે રાસપંચાધ્યાયી સિવાય આ સંસારમાં શ્રી કૃષ્ણની રસરૂપ નિકટતા માટેનો બીજો કોઈ વિકલ્પ નથી. ઈશ્વર તરીકે રાસપંચાધ્યાયીમાં રમણ કરતા શ્રીકૃષ્ણનું , રાસવિહારીજીનું જો આપણે ચિંતન કરીશું તો પછી એના માટે -

**ચતુર્ભિશ્ચ ચતુર્ભિશ્ચ ચતુર્ભિશ્ચ ત્રિભિસ્તથા।**
**ષડ્ભિર્વિરાજતે યોડસૌ પંચધા હૃદયે મમ॥**

પરિક્ષીત સામે એક પ્રશ્ન હતો કે સાત દિવસની સમય મર્યાદામાં કોણ મને મુક્તિ અપાવી શકે ? એ શોધની સફળતા શ્રીમદ્ ભાગવતજીએ પૂરી કરી અને જે ભાવશૂન્યતા પરિક્ષીતના હૃદયમાં હતી તે રાસપંચાધ્યાયીએ પૂરી કરી. અબોધ, અજ્ઞાની પરિક્ષીત શુકદેવજીની સામે બેઠો છે, એને એટલી જ ખબર છે કે શ્રી કૃષ્ણ પરબ્રહ્મ પરમાત્મા છે, એ લીલા વિહારી પૂર્ણપુરુષોત્તમ છે પણ એ મારો ઉદ્ધાર કરી શકશે એની લીલાનો કોઈ અનુભવ નથી. એ અનુભવ ભાગવતજીના શ્રવણથી ન થયો, દશમ સ્કંધના ચિંતનથી પણ ન થયો પણ શુકદેવજીએ રાસપંચાધ્યાયીનો મંગલપ્રારંભ કર્યો અને તેના શરીરમાં રોમાંચ થવા લાગ્યો. અષ્ટસખાની વાણીમાં -

રોમ રોમ રસ ઝલકે, શ્રી વલ્લભ રોમ રોમ રસ ઝલકે.

લીલાપુરુષોત્તમ શ્રીકૃષ્ણ શ્રીમદ્ રાસપંચાધ્યાયીનો પ્રસ્તુત વિષય છે. મૂળકેન્દ્રમાં શ્રીકૃષ્ણ છે અને તેમની અંતરંગ લીલાનાં ચાર તત્ત્વ છે - વ્રજમંડળ, વેણુજી, વ્રજાંગનાઓ અને રાસ - આ ચાર તત્ત્વના સમૂહથી રાસપંચાધ્યાયીના પ્રાણના ધબકારા ચાલે છે. આમાં ભગવાને ત્રણ લીલાઓ કરી - રસ, રીસ અને રાસ. આ લીલાને સમજીએ ત્યારે રાસપંચાધ્યાયીમાં આપણો પ્રવેશ થાય છે. ભગવાને વેણુ વગાડી. ગોપીઓ આવી. ભગવાને તેમને પ્રશ્ન પૂછ્યો, 'તમે મધ્યરાત્રીએ કેમ આવ્યાં ? તમને કોણે બોલાવ્યાં ?' આ સાંભળી ગોપીજનોના મનમાં રોષ થયો. તેમણે ભગવાન ઉપર આક્ષેપ કર્યો, 'આપના વેણુનાદના સંદેશથી આપના આવકારને સાંભળીને અમે અહીં ઉપસ્થિત થયા છીએ અને હે લીલાનાયક, હે રસરાજ, આપ પ્રશ્ન કરો છો કે તમને કોણે બોલાવ્યાં ?' આ બધું સાંભળીને આનંદ પામીને આપણે ઘરે જઈએ છીએ; પણ નથી આપણે વેણુ બની શકયા કે નથી આપણે ગોપી બની શકયા. આપણું અંતઃકરણ મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર એ રસરૂપ ન થાય ત્યાં સુધી ભગવાનના સ્વરૂપનું અનુસંધાન થતું નથી. ઋષિઓએ વેદ અને ઉપનિષદના સમાપનમાં એવું લખ્યું છે કે આ સાગરમાંથી કેવળ એક બુંદ કાઢી છે. ભગવાને સ્વયં શ્રી શુકદેવજીના હૃદયમાં બિરાજીને ભાગવતજીનાં માધ્યમથી પોતાની લીલા, પોતાનું ચરિત્ર, પોતાનાં સ્વરૂપનું વર્ણન શુકદેવજીના મુખથી બોલાવ્યું. ભગવાને પોતે આજ્ઞા કરી કે રાસપંચાધ્યાયી મારો પ્રાણ છે.

રાસપંચાધ્યાયીના પાંચ અધ્યાય કેવળ પાંચ અધ્યાય નથી, આ તો સંસારમાં રહેલાં પાંચ તત્ત્વ છે - પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશ. ભાગવતજીને જાણવા હોય તો આ પંચતત્ત્વ જાણવા જરૂરી છે. આ કેવળ પાંચ તત્ત્વ નથી, પાંચ તન્માત્રાઓ છે - શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ. પાંચ પ્રાણ છે - પ્રાણ, અપાન, ઉદાન, વ્યાન, સમાન. પાંચ જ્ઞાનેન્દ્રિય છે - આંખ, કાન, નાક, મોં, ત્વચા, પાંચ કર્મેન્દ્રિય છે - હાથ પગ, મોં, ઉપસ્થ, ગુદા. પંચકોષ છે - અન્નમય, પ્રાણમય, મનોમય, જ્ઞાનમય અને આનંદમય કોષ. બ્રહ્મપંચાયતી પંચદેવ છે - સનત, સનંદન, સનાતન, સનદકુમાર, નારદ. ભારતીય સંસ્કૃતિ પ્રમાણે જીવમાત્રનું કલ્યાણ કરનાર પાંચ વૃક્ષોને પૂજનીય માન્યાં છે - તુલસી, આમળાં, બોર, પીપળો, આંબો. ભારતનાં પાંચ તીર્થધામ છે - જગન્નાથ, દ્વારકાનાથ, બદરીનાથ, રંગનાથ અને વચ્ચે ગોવર્ધનનાથ. આપણી પૂજા, આધ્યાત્મિક કર્મમાં, કર્મમાં નિત્ય પંચોપચાર, ષોડશોપચાર પૂજામાં વપરાતાં પાંચ પલ્લવ છે - આસોપાલવ, નાગરવેલ, આંબો, બોરસલી અને પીપળો. રાસપંચાધ્યાયીને જો અલગ દૃષ્ટિકોણથી જોઈએ તો એ કેવળ ૨૯ થી ૩૩ અધ્યાય પૂરતું સીમિત નથી.

શ્રીકૃષ્ણ ભગવાન ગોપીજનો સાથે રાસ રમી રહ્યા છે. ગોપીઓને અભિમાન થયું કે અમારા જેવું આ પૃથ્વી પર કોણ ભાગ્યવાન હશે કે અખિલ બ્રહ્માંડના નાયકને અમારી સાથે નૃત્ય કરવા આવવું પડે ! અમારી સાથે એ થનગનીને નૃત્ય કરે ! અમે વગાડીએ અને એ નાચે, અમે ગાઈએ અને એ ઝૂમે ! ગોપીઓના આ મદથી જેમ દૂધમાં કોઈ લીંબુ નિચોવે અને દૂધની મધુરતા ગાયબ થઈ જાય છે તેમ પ્રભુ ત્યાંથી અંતર્ધાન થયા. જે પ્રત્યક્ષ હતા એ અપ્રત્યક્ષ થયા. અપ્રગટરૂપે પણ પરમાત્મા સર્વત્ર વિલસી રહ્યા છે પણ આપણને દેખાતા નથી. પ્રત્યક્ષ સ્વરૂપ શું છે ? ગૌચરણ કરવા જાય, માખણ ખાવા જાય, રાસ રમવા જાય, વેણુનાદ કરે તે જોઈ શકાય છે.રાસપંચાધ્યાયીમાં ભગવાનનો સ્વરૂપ અને લીલા બંને પ્રકારે પરિચય આપવામાં આવ્યો છે. એ જાણ્યા પછી જ એમની પૂર્ણતાનો અનુભવ થાય છે અને જ્યાં સુધી ભગવાનની પૂર્ણતાનો અનુભવ નહીં થાય ત્યાં સુધી અંતરમાં પૂર્ણ પ્રેમનો દીપ નહીં પ્રગટે. પૂર્ણ પ્રેમનો પ્રદીપ પ્રગટશે, પૂર્ણ ચૈતન્ય આપણા અંતરમાં પ્રગટે, ઈષ્ટદેવ અને ગુરુદેવ બંને

પ્રકારના પડછાયાનું પ્રતિબિંબ આપણા ઉપર પડે ત્યારે આપણે સ્વપ્રકાશિત થઈએ છીએ.

રાસપંચાધ્યાયીના પ્રથમ અધ્યાયમાં ભગવાનના ઐશ્વર્યનું વર્ણન છે. બીજા અધ્યાયમાં ભગવાનના સામર્થ્ય, વીર તત્ત્વોનું વર્ણન છે. ત્રીજા અધ્યાયમાં ભગવાનના યશનું વર્ણન છે. ચતુર્થ અધ્યાયમાં 'શ્રી' તત્ત્વનું વર્ણન છે. 'શ્રી' એટલે લક્ષ્મી, સરસ્વતી, સાવિત્રી અને ગાયત્રી પણ છે. પાંચમા અધ્યાયમાં છ સ્વામિનીઓના દિવ્ય રમણનું વર્ણન કરવામાં આવ્યું છે. શ્રી, ઐશ્વર્ય, સામર્થ્ય, યશ, જ્ઞાન, વૈરાગ્ય - આ છ ગુણો ભગવાનની સ્વામિનીઓ છે, જે અંતર્નિહિત છે પણ રાસ રમવા માટે બહાર પ્રગટ થઈ છે. રાધાસહચરી સ્વયં શ્રી રાધારાણી, ચંદ્રાવલીજી, લલિતાજી, શ્રી યમુનાજી, વિશાખાજીનો સમૂહ જે ભગવાન સાથે એક તત્ત્વ છે, તે ભગવાને પોતાના અંતરમાંથી પ્રગટ કર્યું અને પરસ્પર ભાવે લીલા સંપન્ન થઈ ત્યારે રાસ પ્રારંભ થયો હશે. પ્રથમ જ્યારે રાસ પ્રારંભ થયો ત્યારે ચાર પ્રકારે રાસ થયો. ગોપીજનોનું ગાયન અને શ્રીકૃષ્ણનું નર્તન. ગોપીજનો વાદ્ય વગાડતા અને ભગવાન નૃત્ય કરતા. ભગવાન ગાઈ રહ્યા છે અને ગોપીજનો નૃત્ય કરે છે અને પોતે ગાતા પણ જાય છે અને રાધા-કૃષ્ણ નાચી પણ રહ્યાં છે. ગીત, વાદ્ય અને નૃત્યનો જ્યાં સમન્વય થાય છે એને જ આપણે સંગીત કહીએ છે. આપણી ઇન્દ્રિયો આત્મા સાથે રમણ કરે અને એમાંથી જે ધ્વનિ પ્રગટ થાય છે એનું નામ તો સંગીત છે. અંતરમાં સંગીત ચાલી રહેલું છે અને એ જ સંગીત જ્યારે બહાર પ્રગટ થાય છે ત્યારે છ સ્વામિનીઓ અને એક સ્વયં રમણવિહારી શ્રીકૃષ્ણ છે. સા રે ગ મ પ ધ ની સા - છ સ્વામિનીઓ પહેલી સરગમ છે અને છેલ્લો જે સા છે એ પરમ શાશ્વત, સાકાર બ્રહ્મનો 'સા' છે, જે અંતમાં સાતમા સૂરમાં બિરાજમાન છે. જ્યારે પણ રાસલીલાની વાત કરીએ ત્યારે ધ્યાનમાં રાખવા જેવી પહેલી વાત છે કે રાસલીલામાં ગોપીઓના શરીર સાથેનો કોઈ સંબંધ નથી, બીજી જાણવા જેવી અને યાદ રાખવા જેવી વાત કે એમાં કોઈ પણ લૌકિક કામ નથી અને ત્રીજી વાત આ સ્ત્રી-પુરુષનું મિલન નથી, આત્મા અને પરમાત્માનો મહોત્સવ છે.

જ્યારે રાસ પ્રારંભ થયો ત્યારે રાધા-કૃષ્ણ બે જ હતાં અને ક્યારેક તો કૃષ્ણ એકલા જ હતા અને પછી અંતર્ધાન થઈ પ્રગટ થયા ત્યારે સોળ ગોપીઓ અને આઠ કૃષ્ણનું એક મંડળ બન્યું, જેને આપણે મહારાસ કહીએ છીએ. રાસ અને મહારાસ અલગ છે. આનો જો ભેદ ન સમજાય તો એના મૂળ વિષયનો આપણા હૃદયમાંથી નાશ થઈ જાય. મહારાસ અંતર્બ્રહ્માંડીય રાસ છે. ત્યાં તારા, ગ્રહ, નક્ષત્ર, ઉપગ્રહનો નિરંતર રાસ ચાલુ છે એમાં નથી કોઈ તાલ-લય, રાગ કે સ્વર. કેવળ ગુરુત્વાકર્ષણ શક્તિથી સૌ પોતપોતાના સ્થાન પર ઊભા રહેલાં છે. ભગવાન મધ્યમૂર્તિ નાયક બનીને રાસની મધ્યમાં બિરાજે છે. એમનામાંથી નીકળતી પ્રકાશની ક્રાંતિ ચોતરફ પ્રસરી રહી છે. આપણાં મન-બુદ્ધિ, ચિત્ત, અહંકાર એક શૃંખલામાં આવે અને આત્માના પ્રકાશથી પ્રકાશિત થાય ત્યારે આપણું મન પરમશાંતિ તરફ જાય છે, જે આંતરિક રાસ છે. પૃથ્વીલોકના બંસીવટ ઉપર મહારાસ શરૂ થયો એ જ સમયમાં સમસ્ત બ્રહ્માંડમાં મહારાસ પ્રારંભ થયો ત્યારે એક રાસમંડળની જેમ સહસ્ર રાસમંડળ થયાં અને એને શુકદેવજીએ 'મહારાસ' કહ્યો છે.

ગોપીજનો ૪ પ્રકારના છે -શ્રુતિરૂપા, ઋષિરૂપા, દેવકન્યા, રાજકન્યા. આ ગોપીજનો દેવતા, શ્રુતિઓ, ઋષિમુનિઓ, રાજાની પત્નીઓ અને દીકરીઓ ગોપીઓ બની ભગવાનના રાસમાં આવ્યાં હતા. શ્રુતિરૂપા ભાવ ધ્યાનના માધ્યમથી આપણા જીવનમાં પ્રગટ થાય છે. ઋષિરૂપા ભાવ અનાસક્તિથી પ્રગટે છે. આસ્થા-અવસ્થા અને વ્યવસ્થા આ ત્રણેય આપોઆપ બદલાય ત્યારે ધીમે ધીમે રાસના રસનો

અનુભવ 'રસો વૈ સઃ' સ્વયં આપણને કરાવે છે. રાસના રસનો અનુભવ જ્યાં સુધી એ સ્વયં ન ઈચ્છે ત્યાં સુધી શુકદેવજી પોતે કહેત તો પણ કદાચ રસનિષ્પત્તિ ન થઈ હોત.

રાસપંચાધ્યાયીમાં પ્રભુની ૧૪ લીલાઓનું વર્ણન કરવામાં આવ્યું છે -

૧. બંસીનો ધ્વનિ
૨. ગોપીઓનો અભિસાર
૩. શ્રીકૃષ્ણનો ગોપીઓ સાથેનો વાર્તાલાપ
૪. દિવ્ય રમણ
૫. ગોપીઓમાં અહમ્ પ્રવેશ
૬. રાધાસહચરી સાથે પ્રભુનું અંતર્ધાન થવું
૭. ગોપીઓનો વિલાપ, પ્રલાપ, ઉચ્ચ સ્વરે રુદન
૮. પ્રભુનું પુનઃ પ્રગટ થવું, ગોપીઓ દ્વારા આનંદ, આવેશ
૯. ઉત્તરીય ઉપવસ્ત્ર છીનવી પ્રભુનું પધારી જવું - ચીરહરણલીલા
૧૦. રાસ નૃત્ય લીલા
૧૧. રાસ રમણ
૧૨. સ્થળવિહાર
૧૩. જળવિહાર
૧૪. વનવિહાર

આ બધું એક જ જગ્યાએ જ્યાં લીલાવર્ણન થયું છે, એ લીલાવર્ણનનું જે મુખ્ય તીર્થસ્થાન છે એને ભાગવતજીમાં આપણે રાસપંચાધ્યાયી કહીએ છીએ. આપણી ભક્તિમાં બાધક બને તેવી મન-બુદ્ધિ, ચિત્તની સ્થિતિઓ દૂર થાય અને મન-બુદ્ધિ, ચિત્તનો વિષય નામ, રૂપ અને લીલા બને એવી ભાવનાઓ ફરી એક વાર જાગ્રત થાય એ જ આજના રાસપંચાધ્યાયી વિષયનો સાર છે, રમણવિહારી, રાસબિહારી, રસિકેન્દ્રશેખર, રસરાજ શ્રીકૃષ્ણ આપણા હૃદયમાં વૃંદાવન બનાવી સદા વિહાર કરતા રહે એવી શુભકામનાઓ.

## નૂતન વર્ષે પ્રાર્થના!

હે પ્રભુ!
મને પ્રભુ બનાવ.
કે જેથી મને તારી પ્રભુતા મળે.
ને મળે મને તારી કરુણા, ક્ષમા, ઉદારતા અને દયા.
તારી ઉદારતા અને પ્રકૃતિ પ્રત્યેનો તારો પ્રેમ;
તારી ક્ષમતા, ઓજસ, તેજ અને ગુરુત્વ
આ બધું મને મળે જ;
આ સિવાય તારા ભંડારમાં જે કંઈ હોય
સુખદ, સમૃદ્ધ અને શાંતિપૂર્ણ તે બધું જ મને આપ;
અને પછી હું પ્રાર્થું કે;
આ પ્રાર્થના સૌ કોઈ કરે, જેથી બધાને આ બધું જ મળે;
અને વિશ્વ બને સર્વાંગ સુંદર, પરિપૂર્ણ બસ,
તારું જ રૂપ, તારું જ સ્વરૂપ.
ૐ શાંતિ

- સ્વામી અધ્યાત્માનંદ

# એક અત્યંત જરૂરી મેસેજ

ગુજરાત સરકારની 'મા અમૃતમ્' યોજનામાં હોસ્પિટલના બિછાનેથી પણ વીમો મળી શકે છે.

તમને B.P. કે સુગર કે બીમારી હોય તો પ્રાઈવેટ ઈન્સ્યોરન્સ કંપનીઓ વીમો જ નથી આપતી.

છાતીમાં દુઃખાવો થયો અને ડૉક્ટરે સર્જરીની સલાહ આપી તો મા અમૃતમ્ યોજના હેઠળ તમે એક દિવસમાં કાર્ડ કઢાવી શકો, એ પણ નિઃશુલ્ક. સિનિયર સિટીઝનને હવે મળશે ૬ લાખ સુધીની હેલ્થ પોલિસી. શું ક્યારેય તમે પ્રાઈવેટ વીમા કંપનીનો મેડિક્લેમ લેવા પ્રયત્ન કર્યો છે ? ૪૫ કરતાં વધુ ઉંમર હોય તો અનેક ટેસ્ટસ કરાવશે, બહુ મોટી ઉંમરના લોકોને તો પોલિસી આપશે જ નહીં અને આપે તો પ્રીમિયમ એવું લેશે કે, કરોડરજ્જુ ભાંગી જાય. પોલિસી લીધા પછી પણ કેટલાય મહિના સુધી અનેક બીમારીઓ કવર નહીં થાય. આજે પોલિસી લો અને પંદર દિવસ પછી ડૉક્ટર જો તમને એન્જીયોપ્લાસ્ટીની સલાહ આપે તો એ ન ચાલે. ક્લેમ ન મળે. કેન્સર માટે તો વળી અલગ પોલિસી જોઈએ, ભાગ્યે જ કોઈ કંપની એ કવર કરતી હોય. પથરી માટે પણ લગભગ એવું જ. ટૂંકમાં કહીએ તો તેમને આપણા સ્વાસ્થ્યમાં રસ નથી, પ્રીમિયમમાં જ છે. ક્લેમ પાસ કરવા કરતાં વધુ ધ્યાન એ બાબત પર કેન્દ્રિત હોય છે કે, ક્લેમ કેવી રીતે રિજેક્ટ કરવો. વર્ષે દસ પંદર કે વીસ-પચીસ હજાર પ્રીમિયમ ભર્યા પછી પણ નિરાંત કે સલામતી નહીં. સક્ષમ વર્ગ તો હજુ પણ વ્યવસ્થા કરી શકે, ગરીબ અને મધ્યમવર્ગનો મરો થઈ જાય. પરંતુ કમસે કમ ગુજરાતમાં અત્યારે આવી કફોડી સ્થિતિમાંથી બહાર નીકળવા માટે 'મા અમૃતમ્' યોજના ઉપલબ્ધ છે. આ યોજના અંતર્ગત ઓછી આવક ધરાવતા નાગરિકોને 2 લાખ રૂપિયા સુધીનું આરોગ્ય વીમા કવચ મળે છે તે બધાંને ખ્યાલ છે, સિનિયર સિટીઝન માટે હમણાં CM રૂપાણીએ ૬ લાખ રૂપિયાનું વીમા કવચ આપવાની જાહેરાત કરી છે તે પણ ઘણા જાણે છે, પરંતુ દર્દી હોસ્પિટલના ખાટલે પડ્યો હોય તો પણ 'મા અમૃતમ્'નો વીમો તાત્કાલિક નીકળી શકે, ઓપરેશનના દિવસે પણ આ વીમાનું કાર્ડ નીકળી શકે છે તે વાત ઓછા જાણે છે.

હમણાં મહાનગરપાલિકાના આરોગ્ય કેન્દ્રમાં 'મા અમૃતમ્' કાર્ડની કામગીરી જોઈ. એક બા પરિવાર સાથે કાર્ડ કઢાવવા આવ્યાં હતાં. ઉંમર હતી ૮૫ વર્ષ. ફોટો પડાવવા ઊભા રહી શકતાં ન હતાં. બે વ્યક્તિએ ઝાલ્યાં ત્યારે ફોટો પડ્યો. એ માડીને કાર્ડ મળી ગયું. કોઈ પ્રાઈવેટ કંપનીને લાખ રૂપિયા પ્રીમિયમ આપો તો પણ આ બાને વીમો ન આપે, રાજ્ય સરકારે મફતમાં આપ્યો. ઈમર્જન્સીમાં કાર્ડ કઢાવવા માટેનું બોર્ડ જ માર્યું હતું, જેમાં લખ્યું હતું કે, તાત્કાલિક કાર્ડ કઢાવવા માટે ડૉક્ટર કે હોસ્પિટલના લેટર હેડ પર પત્ર જોઈશે. બસ, આટલું જ. આવી ઉત્તમ સવલત જગતના કોઈ જ દેશમાં નહીં હોય. આ યોજના અંતર્ગત હાર્ટ, બ્રેઈન, કિડની અને કેન્સર જેવી બીમારીઓ સામે વીમો મળે છે. આપણને વાત નાની લાગે પણ થોડી ક્ષણો માટે સાવ નાના માણસની જગ્યાએ પોતાની જાતને ગોઠવી જુઓ... આપણે ત્યાં ચારસો-પાંચસોમાં કામ કરતા બહેનના પરિવારજનને અચાનક હાર્ટ સર્જરી આવી પડી... રડતાં-રડતાં ઉછીના-ઉધાર લેવા નીકળવું સારું? કે આરોગ્ય કેન્દ્ર પર પહોંચી એક જ દિવસમાં કાર્ડ મેળવી લેવું એ બહેતર?

- કિન્નર આચાર્ય, (લેખક-પત્રકાર)

આ મેસેજ વધુ ને વધુ લોકો સુધી પહોંચાડવા વિનંતી

# ગુરુભક્તિ યોગ-૪

- શ્રીમતી રૂપા મજમુદાર

જલે વિષ્ણુઃ સ્થલે વિષ્ણુર્વિષ્ણુઃ પર્વતમસ્તકે ।
જ્વાલમાલાકુલે વિષ્ણુઃ સર્વં વિષ્ણુમયં જગત્ ॥

ગુરુદેવની ચેતના પણ વિષ્ણુ ભગવાનની જેમ સચરાચર જગતમાં વ્યાપ્ત છે. વિષ્ણુ ભગવાન આપણને રક્ષણ આપે છે, ગુરુદેવ પણ આપણને સુરક્ષા કવચ આપે છે. જ્યારે આપણે સૂઈ જઈએ છીએ ત્યારે પણ તેઓ આપણા કલ્યાણનો વિચાર કરતા જાગતા બેઠા હોય છે. આનાથી મોટી કરુણા શું હોઈ શકે ? મેં શિવાનંદ આશ્રમ, અમદાવાદમાં સાલ ૨૦૦૦માં યોગ શિક્ષક તાલીમ શિબિરમાં ભાગ લીધો હતો. આશ્રમમાં વર્ષમાં બે વખત- મે અને ડિસેમ્બર મહિનામાં વીસ દિવસની આવાસીય શિબિર યોજાય છે, જેમાં રોજના સાડા અગિયાર કલાકનું શિક્ષણ પ્રાપ્ત કરવાનું હોય છે, જેથી સ્વાભાવિક રીતે સવારે પાંચ વાગ્યાથી વર્ગ શરૂ થાય. સ્વામીજી મહારાજ તો વહેલા ઊઠીને ધ્યાન કરવા ટેવાયેલા હોય છે પણ સામાન્ય સાધકને વહેલાં ઊઠવાની ટેવ હોતી નથી. આવા સંજોગોમાં સ્વામીજી મહારાજ સ્વયં ઘંટ લઈને બધાંના રૂમ પાસે જતા અને 'ૐ ૐ...'નો સાદ કરીને સૌને જગાડતા. કોણ આટલી કાળજી લે ? આજે તો ઘરમાં માતા-પિતા પણ બાળકોને કહી દે છે કે એલાર્મ મૂકી દેજો. અમારી ઊંઘ ના બગાડતા. કોઈ વ્યક્તિ આશ્રમની મુલાકાતે આવે કે સ્વામીજી મહારાજનાં દર્શને આવ્યા હોય અને ભોજનનો સમય થયો હોય તો પહેલાં એમને ભોજન માટે લઈ જશે. શિવાનંદ આશ્રમમાં ભોજન અને ભજન અખંડ ચાલે છે. કોઈ વ્યક્તિ અહીંથી ભૂખી-તરસી નથી જતી.

સદ્‌ગુરુદેવ સ્વામી શ્રી શિવાનંદજી મહારાજ પોતાની કુટીરમાં બેઠા હોય અને બહાર રસ્તા ઉપર કોઈ વ્યક્તિને ગરમીમાં ખુલ્લા પગે જતાં જુએ તો દોડીને તેને જોડા પહેરાવી આવતા. કોઈ વ્યક્તિ વરસાદમાં પલળતી જતી હોય તો તેના માથે છત્રી મૂકી આવતા. ગુરુદેવ સ્થૂળ અને સૂક્ષ્મ બંને રીતે આપણને સુરક્ષા આપે છે. હું અને મારું કુટુંબ ૨૩ વર્ષથી શિવાનંદ આશ્રમ સ્વામીજી મહારાજનાં દર્શને આવીએ છીએ. અમે જે અનુભવ કર્યા છે તે માટે એટલું જ કહી શકાય.

'નશ્વર સ્વર સે કૈસે કહૂઁ એક અનશ્વર બાત !'

દિવ્ય જીવન સંઘ ચમત્કારનો પંથ નથી પણ ચમત્કાર થાય છે એ નિઃશંક વાત છે. આધ્યાત્મિક પ્રગતિમાં ચમત્કાર ભયસ્થાન છે માટે દિવ્ય જીવન સંઘના સંતો ચમત્કાર નહીં બતાવે પણ ઘણી વખત અમે અનુભવ્યું છે. ઘણી ઘટનામાં જ્યાં કારણ અને પરિણામ વચ્ચે કોઈ કડી દેખાતી નથી, જેને આપણે ચમત્કાર કહીએ છીએ. આ દિવ્ય અનુભૂતિ માટે હૃદયમાં ગુરુ પ્રત્યે સંપૂર્ણ શ્રદ્ધા અને નિષ્ઠા હોવી આવશ્યક છે. આ તબક્કે મારા જીવનનો એક દિવ્ય ચમત્કારિક અનુભવ હું આપની સામે પ્રગટ કરું છું. હું એક દીકરીની મા છું. દરેક માને પોતાનાં બાળકો માટે ખૂબ પ્રેમ હોય એ સ્વાભાવિક છે. મારી દીકરી સગર્ભા હતી. એક દિવસ તેનો તેની ઓફિસમાંથી ફોન આવ્યો કે, 'મમ્મી, જલદી આવ. મને બ્લીડિંગ ચાલુ થઈ ગયું છે.' તેને ત્રણ મહિના થયા હતા. હું ઝડપથી ગઈ અને તેને હોસ્પિટલ લઈ ગઈ. આપણા જ આશ્રમનાં ટ્રસ્ટી ડૉ. વર્ષાબહેન દવેની ટ્રીટમેન્ટ ચાલી રહી હતી. હું એને એમની પાસે લઈ ગઈ. ડૉ. વર્ષાબહેને કહ્યું, 'ખૂબ જ બ્લીડિંગ થઈ ગયું છે. બાળક બચાવવું મુશ્કેલ છે છતાં પણ હું એક ઈંજેક્શન આપું છું.' એમની પાસેથી ખૂબ પ્રેમભરી

સારવાર લઈ દીકરીને ઘરે મૂકી, હું અને મારા પતિદેવ મનીશ તરત જ આશ્રમ આવ્યાં. કરુણાસાગર સ્વામીજી મહારાજે જાણે અમારા વ્યથિત આંદોલન પકડી લીધાં હોય તેમ બહાર જ ઊભા હતા. અમે સ્વામીજી મહારાજને વાત કરી અને એમણે એક ક્ષણ આકાશ તરફ જોયું અને બોલ્યા, 'ફટ્ સ્વાહા ! ઘરે જાવ. બધું સારું થશે' અને આજે અમારી દિકરીનો દીકરો સાત વર્ષનો થઈ ગયો છે અને ખૂબ હોશિયાર છે. ડૉ. વર્ષાબહેનની 'શિવાનંદ ચિદાનંદ મેટરનિટી હોસ્પિટલ'માં પૂજ્ય સ્વામીશ્રી અધ્યાત્માનંદજી મહારાજની કૃપાથી બધું હેમખેમ પાર પડી ગયું – આ ગુરુસત્તા છે. ગુરુદેવનો વિશ્વચેતનાને સંકેત અને વિશ્વચેતનાનું વહેવું અને કાર્ય સિદ્ધ થવું એ ગુરુદેવ માટે સહજ છે. ગુરુદેવ માટે તો 'સર્વં બ્રહ્મમયમ્'. બધાં માટે એકસમાન કરુણા વહેતી હોય છે.

સદ્ગુરુદેવ શ્રી સ્વામી શિવાનંદજી મહારાજ વહેલી સવારે ગંગા નદીનાં જળમાં કમર ડૂબે તેટલાં પાણીમાં ઊભા રહેતા હતા અને સૂર્યોદય થાય ત્યાં સુધી જપ કરતા, સ્તોત્ર બોલતા. કોઈ જીવજંતુને પાણીમાં તણાતું જુએ તો પોતાના હાથની અંજલિમાં લઈ તેને પાણીની બહાર લાવી કિનારા પર છોડી દેતા. જ્યારે એ જીવ દોડવા લાગે ત્યારે પોતે મુક્તિનો અનુભવ કરતા. એક વખત સત્સંગમાં વીંછી આવી ગયો. એ સમયમાં લાઈટો ન હતી. ફાનસના અજવાળામાં સત્સંગ થતો. એક વ્યક્તિ પાસે ટોર્ચ હતી. તેણે ટોર્ચથી વજન આપી વીંછીને મસળી નાખ્યો. સત્સંગ પૂરો થયા પછી સ્વામીજીએ તે ભાઈને કહ્યું, 'તમે શા માટે વીંછીને મારી નાખ્યો?' 'મારી નહીં નાખું તો શું કરું? વીંછીને તો મારવો જ પડે. સૌને બચાવવા માટે મેં તેને માર્યો એમાં ક્યું ખોટું કામ થયું ?' મુલાકાતીએ જવાબ આપ્યો. આ સાંભળી સ્વામીજી સમસમી ઊઠ્યા. તેમણે ઊંચા સાદે કહ્યું, 'આપણા દેશમાં આવા કરોડો વીંછી છે. એક વીંછીને મારવાથી લોકોને તમે કરોડો વીંછીના ડંખમાંથી બચાવી શકશો ? તમે બે સેકંડમાં વીંછીનો જીવ લઈ લીધો. તેને ફરી જીવ આપવાની તમારામાં તાકાત છે ? જો તમે કોઈને સજીવન કરી શકતા ન હો તો તેનો જીવ લેવાનો તમને કોઈ અધિકાર નથી. મુલાકાતીનું મોં પડી ગયું. તે પસ્તાવા લાગ્યો. તેણે કહ્યું, 'સ્વામીજી, મારી ભૂલ થઈ. મને માફ કરો. હવે પછી હું કોઈ પણ જીવની હત્યા નહીં કરું.'

ગુરુ ભગવાન સ્વામી શ્રી ચિદાનંદજી મહારાજ એક વખત રેલવે સ્ટેશન પર ઊભા હતા. ત્યાં ભક્તોની ખૂબ ભીડ હતી. આ ભીડ વચ્ચેથી એમણે જોયું કે એક વૃદ્ધ સ્ત્રી પોતાનો સામાન માથા પર મૂકીને જઈ રહી હતી. ગુરુદેવ ભીડમાંથી જગ્યા કરી બહાર નીકળ્યા અને વૃદ્ધા પાસે જઈને કહ્યું, 'મા ! હું તમારો દીકરો છું. તમારા માથે છે એ વજન મને આપી દો.' તેઓ વૃદ્ધાનો સામાન ઊંચકી ચાલવા લાગ્યા. જ્યારે ભક્તોએ તેમને જોયા ત્યારે તેઓ દોડીને આવ્યા અને તે વજન લઈ લીધું. આજે કોણ કોના માટે આટલો વિચાર કરે છે ?

ગુરુદેવે શ્વાસે શ્વાસે લોકોને ગાઢ પ્રેમ કર્યો હતો. સેવા એમના પ્રાણ હતા અને પ્રેમ એ જ જીવન હતું. સેવા અને પ્રેમ જેમના જીવનનો મુદ્રાલેખ હોય છે તેવું ગુરુ તત્ત્વ સાક્ષાત્ વિષ્ણુ ભગવાન છે તે નિઃશંક વાત છે. (ક્રમશઃ)

### "રક્ષામંત્ર"

કૃષ્ણ કૃષ્ણ મહાયોગિન્
ભક્તાનામભયંકર ।
ગોવિંદ પરમાનંદ
સર્વં મે વશમાનય ॥

હે શ્રીકૃષ્ણ ! આપ મહાયોગી છો. ભક્તોને અભય પ્રદાન કરનારા, ભયમુક્ત કરનારા છો. હે ગોવિંદ !હે પરમાનંદ આપનારા ! બધું મને અનુકૂળ થાઓ. (મારી સમસ્યાઓનું સમાધાન થાઓ.)

# વૃક્ષો માટે મહત્ત્વપૂર્ણ જાણકારી

- વૃક્ષો ધરતી પરનાં સૌથી જૂનાં જીવંત જીવ છે અને તેઓ કદી વધારે ઉંમરના કારણે મરતાં નથી.
- દર વર્ષે પાંચ અબજ વૃક્ષારોપણ કરવામાં આવે છે, પરંતુ દર વર્ષે દસ અબજ વૃક્ષ કાપી પણ નાખવામાં આવે છે.
- એક વૃક્ષ દિવસમાં એટલો પ્રાણવાયુ આપે છે, જેનાથી ચાર વ્યક્તિ જીવી શકે છે.
- દેશોની વાત કરીએ તો દુનિયામાં સૌથી વધારે વૃક્ષ રશિયામાં છે, એના પછી કેનેડામાં, ત્યારબાદ બ્રાઝિલમાં – અમેરિકામાં તથા તેના પછી ભારતમાં માત્ર પાંત્રીસ અબજ વૃક્ષ જ બચ્યાં છે.
- દુનિયાની વાત કરીએ તો એક વ્યક્તિદીઠ ૪૨૨ વૃક્ષ બચ્યાં છે પણ ભારતની વાત કરીએ તો ૧ ભારતીય દીઠ માત્ર ૨૮ વૃક્ષ બચ્યાં છે.
- વૃક્ષ ધૂળ-માટીના સ્તરને ૭૫% સુધી ઓછું કરે છે અને ૫૦% સુધી અવાજ ઓછો કરે છે.
- એક વૃક્ષ એટલી ઠંડક પેદા કરે છે જેટલી ૧ એ.સી. ૧૦ રૂમમાં ૨૦ કલાક સુધી ચાલીને ઠંડક પેદા કરે છે, જે વિસ્તાર વૃક્ષોથી છવાયેલો હોય તે બીજા વિસ્તારની તુલનામાં ૯ ડિગ્રી વધારે ઠંડો હોય છે.
- વૃક્ષ તેનો ૧૦% ખોરાક પૃથ્વીમાંથી અને ૯૦% ખોરાક હવામાંથી લે છે. એક વૃક્ષ એક વર્ષમાં ૨૦૦૦ લિટર પાણી ધરતીમાંથી શોષે છે.
- એક એકર જમીનમાં લાગેલાં વૃક્ષ એક વર્ષમાં એટલો $CO_2$ (કાર્બનડાયોકસાઈડ) ચૂસી લે છે, જેટલો એક કાર ૪૧,૦૦૦ કિ.મી. ચાલવાથી બહાર છોડે છે.
- દુનિયાનો ૨૦% પ્રાણવાયુ એમેઝોનનાં જંગલો દ્વારા ઉત્પન્ન થાય છે. આ જંગલ આઠ કરોડ પંદર લાખ એકર જમીનમાં પથરાયેલાં છે.
- માણસોની જેમ વૃક્ષને પણ કેન્સર થાય છે. કેન્સર થયા બાદ વૃક્ષ ઓછો પ્રાણવાયુ આપે છે.
- વૃક્ષનાં મૂળ જમીનમાં બહુ નીચે સુધી જઈ શકે છે. દક્ષિણ ભારતમાં એક અંજીરનાં વૃક્ષનાં મૂળ ૪૦૦ ફૂટ નીચે સુધી મળી આવ્યાં હતાં.
- દુનિયાનું સૌથી જૂનું વૃક્ષ સ્વિડનના ડલાર શહેરમાં છે. 'ટીજિક્કો' નામનું આ વૃક્ષ ૯૫૫૦ વર્ષ જૂનું છે, એની લંબાઈ લગભગ ૧૩ ફૂટ છે.
- કોઈ એક વૃક્ષનું નામ લેવું મુશ્કેલ છે, પરંતુ તુલસી, પીપળો, લીમડો અને વડનાં વૃક્ષ બીજાં વૃક્ષની સરખામણીમાં વધુ પ્રાણવાયુ ઉત્પન્ન કરે છે.

આપણે આજે જ પ્રતિજ્ઞા લઈએ કે આપણા પરિવારના સભ્યની સંખ્યા જેટલાં વૃક્ષ આ વર્ષમાં વાવીશું અને તેમની દેખભાળ કરીશું.


**'વૃક્ષો વાવો, જીવન બચાવો'**



# હૃષીકેશમાં શ્રીમદ્ ભાગવત કથા



શ્રી દિવ્ય જીવન સાંસ્કૃતિક સંઘ, શિવાનંદ આશ્રમ, અમદાવાદ દ્વારા આયોજિત પૂજ્ય સ્વામી શ્રી અધ્યાત્માનંદજી મહારાજના અમૃત મહોત્સવ (૭૫ વર્ષ) નિમિત્તે આગામી દિવાળી વેકેશનમાં કારતક સુદ-૪, તારીખ ૩૧-૧૦-૨૦૧૯થી કારતક સુદ-૯ તારીખ ૬-૧૧-૨૦૧૯ સુધી હૃષીકેશમાં મા ગંગાજીના કિનારે શ્રી પરમાર્થ નિકેતન આશ્રમમાં શ્રીમદ્ ભાગવત સપ્તાહનું આયોજન કરેલ છે તો સર્વે ભક્તોએ આ દિવ્ય ભાગવત સપ્તાહનો લાભ લેવા નમ્ર વિનંતી.



## વ્યાસસ્વરૂપ વક્તા
## શ્રી સ્વામી અધ્યાત્માનંદજી મહારાજ
## કથાનો સમય : સવારે ૯-૩૦ થી ૧-૦૦

ભાગવત કથા તા. ૩૧-૧૦-૨૦૧૯ થી તારીખ ૬-૧૧-૨૦૧૯ સુધી સવારે ૯-૩૦ થી ૧-૦૦ સુધી રહેશે. તદુપરાંત તા. ૩૧-૧૦-૨૦૧૯ થી તા. ૬-૧૧-૨૦૧૯ સુધી જે ભક્તો આવેલ હોય અને તેમાં જે ભક્તોને ધ્યાન, પ્રાણાયામ, યોગમાં રુચિ હશે તેમના માટે શિવાનંદ આશ્રમના યોગ શિક્ષકો દ્વારા સવારે ૬-૩૦ થી ૭-૩૦ સુધી યોગાસનના વર્ગ પણ ચાલશે અને દરરોજ સાંજે ગંગાજીની આરતી પણ ત્યાં થશે અને રાત્રિના ભોજન પછી રોજ રાત્રે સત્સંગ, કીર્તન-ગરબાનો કાર્યક્રમ પણ રહેશે. ભાગવત કથા પેટે ન્યોછાવર રૂ. ૬૦૦૦/- રાખેલ છે. જેમાં આશ્રમમાં રોકાણ, નાસ્તો અને બે વખતના ભોજનનો સમાવેશ થાય છે. ટ્રેન-પ્લેનની ટિકિટનો આ ન્યોછાવરમાં સમાવેશ થતો નથી. તો આમાં લાભ લેવા માગતા ભક્તોએ નીચેના નંબર પર સંપર્ક કરી નામ નોંધાવવા નમ્ર વિનંતી.

(૧) પૂનમબહેન : ૯૮૯૮૯૫૩૫૮૦ (૨) વીરેન્દ્રભાઈ : ૯૪૨૮૮૦૫૦૧૫ (૩) રૂપાબહેન : ૯૮૭૯૨૩૪૬૩૦
(૪) વિજયભાઈ : ૯૮૨૫૦૧૨૩૯૬ તેમજ શિવાનંદ આશ્રમના કાર્યાલયમાં અથવા ત્રણેય મંદિરના પંડિત પાસે.

**હૃષીકેશ વ્યવસ્થા કરવાના હેતુથી આપનું રજિસ્ટ્રેશન તા. ૩૦-૪-૨૦૧૯ પહેલાં કરવા વિનંતી.**

# વૃત્તાંત

**● તા. ૧-૧૨-૨૦૧૮, અમદાવાદ**

તા. ૧-૧૨-૨૦૧૮ની સવારે પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજી મહારાજનું ત્રણ મહિનાની લાંબી વિદેશયાત્રા પરથી આજરોજ ઋષિઓ, સંતો અને ગંગા તથા હિમાલયની પવિત્ર ધરતી ઉપર આગમન થયું. વિશાળ સંખ્યામાં ભક્તોએ ઉપસ્થિત રહી એરપોર્ટ પર પૂજ્ય સ્વામીજીનું સ્વાગત કર્યું. સત્સંગ-કીર્તન, પ્રસાદ વિતરણ પછી પૂજ્ય સ્વામીજી એરપોર્ટથી જ સીધા બે હોસ્પિટલની મુલાકાતે ગયા.

**● તા. ૨-૧૨-૨૦૧૮, અમદાવાદ :** પૂજ્ય સ્વામીજીના ભારત આગમનને વધાવવા તથા દિવાળી નિમિત્તે ભક્તોનું એક સ્નેહમિલન આશ્રમમાં આજરોજ સવારના ૯-૩૦ થી ૧-૦૦ વાગ્યા સુધી આયોજાયું. શ્રીમતી ઉપાલીકારના મધુર કંઠે ભજનો પછી પૂજ્ય સ્વામીજીએ ઉદ્‌બોધન કરતાં કહ્યું : "જીવન એક સરળ અને સહજ માર્ગ છે. દુર્ભાગ્યે આપણે જ છળકપટ કરીને આ માર્ગને અટપટો કરીએ છીએ." પ્રભુ શ્રીરામે કહ્યું છે, "મોહે છલ છિદ્ર ન ભાવા. મને છળ અને છિદ્રો ગમતાં નથી." આપણે આપણા જીવનને વધુ કેમ પારદર્શક બનાવી શકીએ, ત્યાં જ આપણા જીવનની સાર્થકતા છે. બાળક જેવા નિર્મળ હાસ્ય અને નિષ્કપટ જીવનની વેદી ઉપર જ દિવ્ય જીવનનું નિર્માણ થઈ શકે છે." મધ્યાહ્ન પ્રસાદ પછી પૂજ્ય સ્વામીજી વડોદરા જવા રવાના થયા.

● વડોદરાના સિંધરોટ ગામ પાસેની કુષ્ઠરોગીઓની વસાહત 'શ્રમમંદિર'ને આજરોજ ચાળીસ વર્ષ પૂરાં થયાં તે નિમિત્તે આયોજિત ઉત્સવના પ્રમુખસ્થાને પૂજ્ય સ્વામીજીએ ઉપસ્થિત રહીને તેમના ૩૫ વર્ષ જૂના સંબંધોને વાગોળ્યા. 'શ્રમ મંદિર'ના સેવાભાવી ડોક્ટરોનું સન્માન પણ પૂજ્ય સ્વામીજીએ કર્યું. આ પ્રસંગે શ્રી ભાગ્યેશ જહા (નિવૃત્ત I.A.S.)ની ઉપસ્થિતિ વિશેષ હતી.

**● તા. ૩-૧૨-૨૦૧૮, વડોદરા**

આજરોજ શિવાનંદ આશ્રમ (ઋષીકેશ)માં ગુરુભગવાન શ્રીમત્ સ્વામી શિવાનંદજી મહારાજ સંચાલિત અખંડ મહામંત્ર જપનાં ૭૫ વર્ષ પૂરાં થતાં હોઈ દિવ્ય જીવન સંઘ-વડોદરા ખાતે રામજી મંદિરપોળમાં ૭૫ કલાકનાં જપનું આયોજન કરવામાં આવેલ છે તેવા સમાચાર સંસ્થાના મુખ્ય કાર્યકારી પાલક અને HQ. DLS ના બોર્ડ મેમ્બર શ્રી જયંત દવે દ્વારા પૂજ્ય સ્વામીજીને આપવામાં આવતાં પૂજ્ય સ્વામીજી શિવાનંદ ભવને પધાર્યા હતા અને શ્રી નામ-સંકીર્તનમાં જોડાઈને હરિકીર્તન પ્રસાદનો લાભ લીધો હતો તથા ભક્તોને આશીર્દાન કરીને સૌને આનંદ આપ્યો હતો.

● આજરોજ શિવાનંદ આશ્રમ, અમદાવાદ ખાતે મહારુદ્રનું આયોજન કરવામાં આવ્યું હતું, જેનું સમાપન પૂજ્ય સ્વામીજીના આશીર્વચન અને ઋત્વિકોના સન્માન સાથે રાત્રે નવ વાગ્યે થયું.

**● તા. ૪-૧૨-૨૦૧૮, અમદાવાદ**

ગુરુભગવાન શ્રીમત્ સ્વામી શિવાનંદજી મહારાજના અનન્ય ભક્ત શ્રદ્ધેય શ્રી પીયૂષભાઈ દેસાઈને આજરોજ ૮૦ વર્ષ પૂરાં થતાં હોઈ પૂજ્ય સ્વામીજી તથા આશ્રમના એક શિષ્ટ મંડળે તેમના પુનિત બંગલે જઈ સત્સંગ-પ્રાર્થના અને આશીર્દાન કર્યાં હતાં.

**● તા. ૫-૧૨-૨૦૧૮, અમદાવાદ :** આજરોજ શિવાનંદ આશ્રમ, અમદાવાદ ખાતે ૪૨મો યોગશિક્ષક તાલીમ શિબિર પ્રારંભ થયો. ૨૨૦ કલાકના પ્રશિક્ષણને ૨૦ દિવસમાં મેડિકલ, ગીતા, પાતંજલ યોગ સાથે પ્રશિક્ષણ આપવામાં આવતાં આ કાર્યક્રમ યોગપ્રેમીઓમાં અને દેશ અને પરદેશમાં ખૂબ જ પ્રસિદ્ધ થયો છે.

**● તા. ૬-૧૨-૨૦૧૮, અમદાવાદ :** આજરોજ શિવાનંદ આશ્રમ, અમદાવાદમાં આકાશવાણીના પશ્ચિમ ક્ષેત્રના ૧૮ આકાશવાણી કેન્દ્રના કાર્યક્રમ અધીક્ષક (Programme Executives) માટે એક ખાસ કાર્યશાળાનું આયોજન થયું, જેમાં પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજીએ તેમને ત્રણ કલાક સુધી 'જીવન-યોગ' વિષયક ઉદ્‌બોધન કર્યું. પૂજ્ય સ્વામીજીએ તેમના બાલ્યકાળથી જ આકાશવાણીમાં પ્રસારણનો પ્રારંભ કર્યો હતો.

**● તા. ૮-૧૨-૨૦૧૮, અમદાવાદ**

ગુરુભગવાન શ્રીમત્ સ્વામી ચિદાનંદજી મહારાજની સ્મૃતિમાં ૨૦૧૮ વર્ષનું સ્મૃતિ વ્યાખ્યાન આજરોજ આયોજાયું. શ્રી કલ્યાણ પુષ્ટિ સંપ્રદાયના ષષ્ટપીઠાધીશ્વર ગોસ્વામી ૧૦૦૮ પૂજ્યશ્રી દ્વારકેશલાલજી મહારાજ આ

પ્રસંગે વક્તા હતા. શ્રીમત્ ભાગવતજીના દશમ સ્કંધમાંથી "રાસપંચાધ્યાયી" વિષય ઉપર તેમણે ખૂબ જ મનનીય પ્રવચન કર્યું. તે પૂર્વે પૂજ્ય સ્વામીજીએ તેમનું સ્વાગત પ્રવચન કર્યું તથા વિષય પ્રવેશ કરાવ્યો. મહારાજશ્રીએ ખૂબ જ પ્રેરણાસ્પદ અને સંગીતમય ઉદ્બોધન કરીને સૌનાં હૃદયમાં ભગવાન શ્રીકૃષ્ણની જીવનવિદ્યાની અનુભૂતિ કરાવી. મહાપ્રસાદ પછી કાર્યક્રમ સંપન્ન થયો. સમગ્ર કાર્યક્રમનો લાભ વૈષ્ણવોએ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત થઈને લીધો.

● તા. ૧૪-૧૨-૨૦૧૮, અમદાવાદ

ગુરુભગવાન શ્રીમત્ સ્વામી શિવાનંદજી મહારાજના અનન્ય ભક્ત પરિવારના ચાર સભ્ય આજરોજ આશ્રમમાં છેક લંડનથી તેમના દામ્પત્ય જીવનનાં ૨૫ વર્ષની પૂર્ણાહુતિ નિમિત્તે ઉપસ્થિત થયા. આ પ્રસંગે આશ્રમનાં શ્રીશ્રીશ્રી આદિશક્તિ અષ્ટલક્ષ્મીપીઠ ખાતે શ્રીયંત્રપૂજા, લક્ષ્મી-હવન તથા આયુષ્ય-હોમનું આયોજન કરવામાં આવ્યું.

● આશ્રમનાં શુભેચ્છક અને જાણીતાં સમાજસેવિકા શ્રીમતી કુમુદબહેન શાહનો આજરોજ અમૃત મહોત્સવ-૭૫ વર્ષની પૂર્ણાહુતિ પ્રસંગ હતો. પૂજ્ય સ્વામીજીના વિશેષ અતિથિપદે આ સ્નેહમિલનનો કાર્યક્રમ 'રજવાડું' ઉદ્યાનમાં સમ્પન્ન થયો. ખૂબ જ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહીને સૌએ લાભ લીધો.

● તા. ૧૫-૧૨-૨૦૧૮, અમદાવાદ : જે.જી. કોલેજ ઓફ પર્ફોર્મિંગ આર્ટ્સ દ્વારા આયોજિત શીતકાલીન કલા મહોત્સવમાં પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજી મહારાજને અતિથિવિશેષપદે નિમંત્રવામાં આવ્યા. આશ્રમના એક વિશાળ ભક્તમંડળ સાથે પૂજ્ય સ્વામીજી આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા. તેમના ઉદ્બોધનમાં પૂજ્ય સ્વામીજીએ કહ્યું : "૧૪ વર્ષ પૂર્વે આ સંસ્થાનો પ્રારંભ માત્ર ૧૪ વિદ્યાર્થીઓથી થયો હતો. જ્યારે આજે આ સંસ્થા ૩૦૦થી વધુ વિદ્યાર્થી ભાઈ-બહેનોને ડિપ્લોમા સ્નાતક અને અનુસ્નાતક તથા પી.એચડી. સુધીનું શિક્ષણ પૂરું પાડે છે." આ સંસ્થામાં ભણેલા અનેક યુવા કલાકારો ગુજરાતી-હિન્દી ચિત્રપટમાં પ્રસિદ્ધ થયા છે તથા દેશ-વિદેશમાં તેમના ગાયન-વાદન- સંગીતક્ષેત્રે નામના મેળવેલી છે. સંસ્થાના સંરક્ષક શ્રી જોન વર્ગીસસાહેબને પૂજ્ય સ્વામીજી પ્રત્યે અનન્ય સ્નેહ છે. તેથી સંસ્થાના અનેક કાર્યક્રમમાં પૂજ્ય સ્વામીજીને તેઓ સસ્નેહ નિમંત્રે છે.

● તા. ૧૭-૧૨-૨૦૧૮, સોલા (અમદાવાદ) : નિરમા વિશ્વવિદ્યાલય તેમના શૈક્ષણિક ક્ષેત્રે નિયુક્ત પ્રાધ્યાપકો માટે દર વર્ષે 'પ્રેરણાસત્ર'નું પંદર દિવસ માટે આયોજન કરે છે. આ વર્ષે આ જ્ઞાનયજ્ઞનો પ્રારંભ પૂજ્ય શ્રી સ્વામી અધ્યાત્માનંદજીના ઉદ્બોધન "જીવનમૂલ્યો, સદાચાર અને ચારિત્ર્ય" વિષયકથી થયો. આ ઉદ્બોધનમાં આશ્રમના યોગશિક્ષક તાલીમ શિબિરના પ્રશિક્ષાર્થીઓ પણ ઉપસ્થિત રહ્યા. આ ઉદ્બોધનની અવધિ બપોરના ૧.૩૦ થી ૩.૩૦ સુધી હતી. સંસ્થાના ઉપનિદેશકશ્રી દ્વારા સ્વાગત અને સંયોજક દ્વારા ધન્યવાદ જ્ઞાપન સાથે કાર્યક્રમ સંપન્ન થયો. શિવાનંદ સાહિત્યનું આ પ્રસંગે પ્રસાદસ્વરૂપે વિતરણ કરવામાં આવ્યું.

● તા. ૧૯-૧૨-૨૦૧૮, અમદાવાદ : શ્રી સંજય સાંઈબાબા સેવા સંસ્થાન, અમદાવાદ દ્વારા પૂજ્ય બાબાજીની પ્રત્યક્ષ ઉપસ્થિતિમાં સુંદરકાંડ પારાયણ તથા સત્સંગનું આયોજન થયું. આ પ્રસંગે બોલતાં પૂજ્ય બાબાજીએ કહ્યું : "હું અને પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજી ભલે આજરોજ પ્રથમ વાર મળતા હોઈએ, પરંતુ અમો બંનેની ઓળખાણ અનેક જન્મની છે." મહાપ્રસાદ પછી સૌ આનંદભેર વિદાય થયા. આ પ્રસંગે શિવાનંદ આશ્રમ, અમદાવાદનું વર્ષ ૨૦૧૯ના કેલેન્ડરનું લોકાર્પણ પણ પૂજ્ય બાબાજી દ્વારા કરવામાં આવ્યું.

● તા. ૨૦-૧૨-૨૦૧૮, અમદાવાદ

'સંપૂર્ણ ભગવદ્ગીતા' પુસ્તકનું લોકાર્પણ આજરોજ AMA (અમદાવાદ મેનેજમેન્ટ એસોસિયેશન) ખાતે કરવામાં આવ્યું. શ્રી આદિ શંકરાચાર્યજીએ ૧૨૫૦ વર્ષ પૂર્વે ગીતામાં ૭૦૦ શ્લોકોની સંખ્યાને સ્થાપિત કરી હતી, પરંતુ ત્યારથી દેશ અને વિદેશમાં મહાભારતમાં ગીતાકથન ૭૫૨, ૭૫૮, ૭૮૦, ૭૮૨ શ્લોકો એમ માનવામાં આવતું હતું, પરંતુ અઢારેક વર્ષની જહેમત પછી ૯૦૦૦થી વધુ ગીતા પ્રકાશનોનો અભ્યાસ કરીને વડોદરાના સુપ્રસિદ્ધ મેનેજમેન્ટ ગુરુ શ્રી જી. નારાયણજી દ્વારા આ ભગીરથ કાર્ય કરીને ગીતાજીમાં ૭૪૫ શ્લોકો છે તેમ સ્થાપિત કરવામાં આવ્યું. આ પ્રસંગે પૂજ્ય સ્વામીજી સિવાય, 'ચિન્મય મિશન'ના પૂજ્ય સ્વામી તેજોમયાનંદજી મહારાજ, ભુવનેશ્વરીપીઠ-ગોંડલના પૂજ્યશ્રી ઘનશ્યામજી મહારાજ અને અન્ય અનેક વિદ્વાનો ઉપસ્થિત રહ્યા. સભા સંચાલન શ્રી ભાગ્યેશ જહા (નિવૃત્ત I.A.S.) દ્વારા કરવામાં આવ્યું.

● તા. ૨૧-૧૨-૨૦૧૮, અમદાવાદ

અમદાવાદના સુપ્રસિદ્ધ ગીતામંદિરના બ્રહ્મલીન અટલ

પીઠાધીશ્વર આચાર્ય મહામંડલેશ્વર ૧૦૦૮ શ્રીમત્ સ્વામી મંગલાનંદજી મહારાજની પાંચમી પુણ્યતિથિ આરાધના પ્રસંગે ગીતાપાઠ તથા સંતો દ્વારા સત્સંગ અને ભંડારાથી ઊજવવામાં આવ્યો. પૂજ્ય સ્વામીજીનું ઉદ્‌બોધન ખૂબ જ પ્રેરક રહ્યું. આ પ્રસંગે ૧૦૦થી વધુ સંતો અને ૩૦૦થી વધુ ભક્તો ઉપસ્થિત રહ્યા તથા મહાપ્રસાદ અને સંતોના આશીર્દાન પ્રાપ્ત કરી સૌએ ધન્યતાનો અનુભવ કર્યો.

● સાંજે શ્રી ભારતી આશ્રમ, સરખેજ ખાતે મહામંડલેશ્વર પૂજ્ય ભારતીબાપુની અધ્યક્ષતા અને સાંનિધ્યમાં આયોજાયેલ શ્રીમદ્ ભાગવત કથાના સમાપન પ્રસંગે પૂજ્ય સ્વામીજીએ ઉપસ્થિત રહીને દિવ્ય કથામૃતનું અમૃતવર્ષણ કર્યું.

● તા. ૨૨-૧૨-૨૦૧૮, અમદાવાદ : આજરોજ શ્રી દત્તજયંતી પ્રસંગે શિવાનંદ આશ્રમ સ્થિત શ્રી દત્તમંદિરમાં શ્રી દત્ત-અર્ચના, શ્રી દત્તયજ્ઞ વગેરેનું આયોજન થયું. પ્રણાલિકા અનુસાર ઉપસ્થિત ભક્તોની વિશાળ સંખ્યાએ શ્રી દત્તમંદિર પાસે જ વૃક્ષોની નિશ્રામાં વનભોજન કર્યું.

● સાંજે આશ્રમમાં શ્રી મહારાજા અગ્રસેન પરિવાર દ્વારા એક વિશાળ સ્નેહમિલનનો કાર્યક્રમ આયોજાયો, જેમાં પૂજ્ય સ્વામીજીના વરદ્ હસ્તે અનેક વિશિષ્ટ ક્ષમતા સંપન્ન અગ્રણીઓનું સન્માન કરવામાં આવ્યું તથા અગ્રસેન સમાજે પૂજ્ય સ્વામીજીનું પણ બહુમાન કર્યું. મહાપ્રસાદ પછી સભાનું મંગલ વિસર્જન થયું.

● તા. ૨૩-૧૨-૨૦૧૮, અમદાવાદ : શ્રી નારેશ્વરના નાથ ભગવાન શ્રીરંગ અવધૂતજી મહારાજના પચાસમા મહાનિર્વાણ પર્વનો ઉત્સવ છેલ્લા એક વર્ષથી ઊજવાઈ રહ્યો હતો, જેનું સમાપન આજરોજ થયું. પ્રારંભ અને સમાપન બંને કાર્યક્રમ પૂજ્ય સ્વામીશ્રી અધ્યાત્માનંદજી મહારાજની અધ્યક્ષતામાં સંપન્ન થયા. આ પ્રસંગે લંડન સ્થિત શ્રી દત્ત ભક્તોએ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહીને શ્રી રંગ અવધૂતજી રચિત ગુજરાતી, હિન્દી અને સંસ્કૃત પદોનું ગાયન કર્યું.

● તા. ૨૪-૧૨-૨૦૧૮, અમદાવાદ

આજરોજ ૪૨મા યોગશિક્ષક તાલીમ સત્રનું સમાપન થયું. ગુજરાત યુનિવર્સિટી માન્ય આ શિક્ષણ સત્રના સર્વે યોગ શિક્ષકોને પ્રમાણપત્ર વિતરણ કરવામાં આવ્યા, જેમાં શ્રીમતી ડૉ. અર્પિતા ભગત શ્રેષ્ઠ-પ્રથમ સ્થાને ઉત્તીર્ણ થયાં.

બપોરના ૩-૩૦ થી સાંજના ૭-૦૦ વાગ્યા સુધી આજરોજ પૂજ્યશ્રી સ્વામી અધ્યાત્માનંદજી મહારાજની વ્યાસપીઠ પર શ્રીમદ્ ભાગવત કથા સપ્તાહનો મંગળ પ્રારંભ થયો.

● તા. ૨૬-૧૨-૨૦૧૮, અમદાવાદ

અનુપમ મિશન-યોગીધામ- મોગરીથી પૂજ્યશ્રી સાહેબદાદા તેમના વિશાળ ભક્તમંડળ સાથે આજરોજ શિવાનંદ આશ્રમ પધાર્યા. ભાગવત કથામાં ઉપસ્થિત રહી સૌ ભક્તોને આશીર્દાન આપી કૃતકૃત્ય કર્યા.

● તા. ૨૭-૧૨-૨૦૧૮, અમદાવાદ

સુપ્રસિદ્ધ સેવાભાવી ડૉ. વિનુ પટેલનાં સ્વાસ્થ્યપ્રેરક બે પુસ્તકોનું વિમોચન આજરોજ પૂજ્ય સ્વામીજી મહારાજ દ્વારા શિવાનંદ આશ્રમ ખાતે થયું.

● તા. ૨૮-૧૨-૨૦૧૮, સાંકરદા (વડોદરા)

શ્રી ગુણાતીત સમાજ દ્વારા ભગવાન શ્રી સ્વામિનારાયણજીના પ્રસાદીરૂપ ગામ-સાંકરદા (વડોદરા) ખાતે પૂજ્ય કાકાજી-પપ્પાજી બેઠુબેલડી શતાબ્દી પર્વે નૂતન નવનિર્મિત શ્રી સ્વામિનારાયણ મંદિર અને મૂર્તિપ્રતિષ્ઠા પ્રસંગે ગુજરાત રાજ્યના મા. મુખ્યમંત્રીશ્રી વિજય રૂપાણીજી અને પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજી મહારાજને વિશેષ અતિથિસ્વરૂપે નિમંત્રવામાં આવ્યા. ઉપસ્થિત રહીને પૂજ્ય સ્વામીજીએ સૌને આશીર્દાન કર્યાં.

● તા. ૨૯-૧૨-૨૦૧૮, દિલ્હી : આજરોજ ભાગવત કથા મધ્યાહ્ન પૂર્વે આયોજાઈ. મધ્યાહ્ન બાદ પૂજ્ય સ્વામીજી એક ત્વરિત કાર્યક્રમ માટે દિલ્હી પધાર્યા. દિલ્હી ખાતે શિવાનંદ આશ્રમ, અમદાવાદના ભક્ત-શુભેચ્છક શ્રી સંજય મહેતાજીના પારિવારિક કાર્યક્રમમાં ઉપસ્થિત રહીને તા. ૩૦-૧૨-૨૦૧૮ની વહેલી સવારે પૂજ્ય સ્વામીજી અમદાવાદ પાછા આવી ગયા.

● તા. ૩૦-૧૨-૨૦૧૮, અમદાવાદ

આજરોજ અપરાહ્નમાં શ્રીમદ્ ભાગવત કથાનું સમાપન થયું. વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહી ભક્તોએ કથાશ્રવણ તથા મહાપ્રસાદનો લાભ લીધો.

● તા. ૩૧-૧૨-૨૦૧૮, ઓઝરિયા

ઓઝરિયા કેળવણી મંડળનાં ૮૦ વર્ષ પૂરાં થતાં હોઈ ત્રિદિવસીય કાર્યક્રમનું ઉદ્‌ઘાટન ગુજરાત રાજ્યના સન્માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીજીએ કર્યું અને સમાપન સમારંભ પૂજ્યશ્રી સ્વામી અધ્યાત્માનંદજી મહારાજના પ્રમુખપદે આયોજાયો. કાર્યક્રમના પ્રારંભ પૂર્વે પૂજ્ય સ્વામીજીની પ્રેરણાથી વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું.

## શ્રી શિવાનંદ આશ્રમ, અમદાવાદ દ્વારા આયોજિત શ્રીશ્રી મા વૈષ્ણોદેવી-અમૃતસર યાત્રા

### તા. ૨૩ માર્ચ, ૨૦૧૯ થી તા. ૨૮ માર્ચ, ૨૦૧૯

શ્રી શિવાનંદ આશ્રમ સ્થિત પૂજ્ય સ્વામીશ્રી અધ્યાત્માનંદજી મહારાજના અમૃત મહોત્સવ નિમિત્તે સ્વામીજી મહારાજની નિશ્રામાં તા. ૨૩ માર્ચ, ૨૦૧૯- શનિવાર થી તા. ૨૮ માર્ચ, ૨૦૧૯-ગુરુવાર સુધી શ્રીશ્રી મા વૈષ્ણોદેવી અને અમૃતસર યાત્રાનું આયોજન કરેલ છે, સૂચિ આ મુજબ છે:


| તારીખ | યાત્રાની વિગત | સમય |
|---|---|---|
| ૨૩-૩-૨૦૧૯ | અમદાવાદથી કટરા યાત્રા<br>સર્વોદય એક્સપ્રેસ ટ્રેન નં. ૧૨૪૭૩ | ઉપડવાનો સમય : સવારે ૧૧-૩૦ વાગ્યે |
| ૨૪-૩-૨૦૧૯ | કટરામાં રોકાણ | કટરા પહોંચવાનો સમય: સાંજે ૫-૧૦ વાગ્યે |
| ૨૫-૩-૨૦૧૯ | ભવનમાં શ્રીશ્રી માનાં દર્શન<br>કટરામાં રાત્રિ રોકાણ | સમય : સવારના ૫-૦૦ થી સાંજના ૭-૦૦ વાગ્યે |
| ૨૬-૩-૨૦૧૯ | કટરાથી અમૃતસર યાત્રા સુવિધા અમદાવાદ એક્સપ્રેસ ટ્રેન નં. ૧૯૪૧૬<br>અમૃતસરમાં રાત્રિ રોકાણ | ઉપડવાનો સમય : સવારે ૧૦-૨૦ વાગ્યે<br>અમૃતસર પહોંચવાનો સમય : સાંજે ૫-૧૫ વાગ્યે |
| ૨૭-૩-૨૦૧૯ | અમૃતસરમાં ગોલ્ડન ટેમ્પલ દર્શન, જલિયાંવાલાબાગ અને વાઘા બોર્ડરની મુલાકાત<br>અમૃતસરમાં રાત્રિ રોકાણ | |
| ૨૮-૩-૨૦૧૯ | અમૃતસરથી અમદાવાદ યાત્રા<br>વાયા દિલ્હી ટ્રેન નં. ૧૨૯૨૬<br>દિલ્હીથી અમદાવાદ યાત્રા<br>રાજધાની એક્સપ્રેસ ટ્રેન નં. ૧૨૯૫૮ | અમૃતસરથી ઉપડવાનો સમય : સવારે ૮-૧૦ વાગ્યે દિલ્હીમાં આગમન સાંજે ૪-૨૫ વાગ્યે<br>દિલ્હીથી ઉપડવાનો સમય: સાંજે ૭.૫૫ વાગ્યે અમદાવાદમાં આગમન સમય : સવારે ૯.૪૦ વાગ્યે |

યાત્રાના ખર્ચ પેટે યાત્રીદીઠ રૂ. ૧૨,૦૦૦/- (બાર હજાર) ન્યોછાવર રાખેલ છે, જેમાં હોટલમાં રોકાણ, નાસ્તો, બે વખતનું ભોજન અને સ્થાનિક જોવાલાયક સ્થળોના પ્રવાસનો સમાવેશ થાય છે.

ટ્રેન-પ્લેન કે હેલિકોપ્ટરની ટિકિટનો આ ન્યોછાવરમાં સમાવેશ કરવામાં આવ્યો નથી.

મર્યાદિત સંખ્યા લેવાની હોઈ યાત્રામાં જોડાવવા ઈચ્છતાં ભાઈ-બહેનોએ ૧લી ફેબ્રુઆરી પહેલાં શિવાનંદ આશ્રમ ખાતે શ્રીમતી પૂનમ થવાણીજી પાસે નામ નોંધાવવા યોગ્ય કરવું, આપેલ ન્યોછાવર પરત માગવા વિનંતી કરવી નહીં.

- વ્યવસ્થાપક,
દિવ્ય જીવન સાંસ્કૃતિક સંઘ



SUVARNAKALA®
Gold, Diamond & Silver Jewellery
BIS Approved Jeweller
આભૂષણ
જે આકર્ષણ જગાવે...
અમદાવાદ
સી.જી. રોડ
"નેશનલ પ્લાઝા"
લાલ બંગલાની સામે
સેટેલાઇટ
"વીનસ એમેડીયસ"
જોધપુર ચાર રસ્તા BRTS બસ સ્ટેન્ડ સામે
www.suvarnakala.com

ISO 22000
ફૂડ સેફ્ટી પ્રમાણિત કંપની

# સ્વાદ અને ગુણવત્તાની પરંપરા




શ્રેષ્ઠ ગુણવત્તાની પરંપરા દ્વારા દેશ-વિદેશના અસંખ્ય ગ્રાહકો સુધી પહોંચવાનો અમારો નિર્ધાર છે.

ભારતીયતાનું સ્વાદ સભર ગૌરવ!

રામદેવ

મસાલા • ઈન્સ્ટન્ટ મિક્ષ • બ્લેન્ડેડ મસાલા • હિંગ વગેરેની વિશાળ શ્રેણી અને પેક સાઈઝ

રામદેવ ફૂડ પ્રોડક્ટ્સ પ્રા. લિ.

સ્પાઈસ વર્લ્ડ, સરખેજ-બાવળા હાઈવે, ચાંગોદર-૩૮૨ ૨૧૩, અમદાવાદ. • www.ramdevfood.com

Identity



શ્રી સંજય સાંઈબાબા (નેપાળ) દ્વારા
શિવાનંદ આશ્રમના વર્ષ ૨૦૧૯ના
કેલેન્ડરનું લોકાર્પણ (૧૯-૧૨-૨૦૧૮)



ગીતામંદિર (અમદાવાદ) ખાતે બ્રહ્મલીન શ્રીમત્ સ્વામી મંગલાનંદજી મહારાજનો પાંચમો મહાસમાધિ દિવસ (૨૧-૧૨-૨૦૧૮)



શિવાનંદ આશ્રમમાં શ્રી દત્તજયંતી ઉત્સવ (૨૨-૧૨-૨૦૧૮)





શ્રીમદ્ ભાગવત કથા પ્રસંગે
દિલ્હીના સુપ્રસિદ્ધ રામાયણી
શ્રી અજય યાજ્ઞિકજી અને
અનુપમ મિશન (મોગરી)ના
પૂજ્ય સાહેબદાદાના આશીર્દાન.
(તા. ૨૪ અને ૨૬-૧૨-૨૦૧૮)

Printed and Published by ARUN DEVENDRA OZA on behalf of GUJARAT DIVYA JIVAN SANGH and Printed at Print Vision Private Limited, "Print Vision House", Opp. Old Central Bank of India, Ambawadi, Ahmedabad-380 006 and published from Gujarat Divya Jivan Sangh, Sivananda Ashram, Jodhpur Tekri, Sivananda Marg, Satellite, Ahmedabad-380 015. Editor- SWAMI ADHYATMANANDAJI




૪૨મા યોગશિક્ષક તાલીમ શિબિર પ્રસંગે વિદ્યાર્થીઓ, પ્રાધ્યાપકો અને શ્રેષ્ઠ વિદ્યાર્થિની ડૉ. અર્પિતા ભગતનું અભિવાદન- ફેઅરફિલ્ડ- (યુ.એસ.એ.)ના શ્રી મહર્ષિ મહેશ યોગી સંસ્થાનના પ્રાધ્યાપક શ્રી ભૂપેન્દ્રભાઈ દવે (૨૪-૧૨-૨૦૧૮)




સાંકરદા - સ્વામિનારાયણ સંસ્થાન-યોગી ડિવાઈન સોસાયટી ખાતે મૂર્તિપ્રતિષ્ઠા મંદિર મહોત્સવ, સંતો-ભક્તો અને ગુજરાત રાજ્યના મુખ્ય મંત્રી મા. શ્રી વિજય રૂપાણીજી (૨૮-૧૨-૨૦૧૮)




ગોઝારિયા કેળવણી મંડળનો અષ્ટ દશાબ્દી મહોત્સવ (૩૧-૧૨-૨૦૧૮)



બ્રહ્મલીન શ્રી રંગ અવધૂતજી મહારાજના પચાસમા મહાપ્રયાણ વર્ષના કાર્યક્રમોનું સમાપન (૨૩-૧૨-૨૦૧૮)

## વિસ્મરણ સ્થિતિ

પ્યારા પૂજ્ય ગુરુદેવ ! નવું વર્ષ અખંડિત ઉપાસના-સ્તવન અને પ્રાર્થનાપૂર્વક પ્રારંભાય તેવી આશિષ આપો ! આવનારું આખું વર્ષ સાધના, પ્રાર્થના અને ધર્મગ્રંથોના સ્વાધ્યાયમાં વીતે તેવું કરી આપો કે જેથી અમારા જીવનપંથ ઉજાળવા જરૂરી માર્ગદર્શન અમને મળી જાય અને આગળ ઉપરના ભવિષ્ય અંગેનું પણ સર્વતોમુખી કલ્યાણપ્રાપ્તિ માટેનું ભાથું પણ મળી જાય.

- સ્વામી ચિદાનંદ

If undelivered return to:
**"Divya Jivan" Gujarat Divya Jivan Sangh** Sivananda Ashram, Opp. ISRO, Ahmedabad-15. Ph.: 079-26861234